પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૦૪, કુલ પાના:૪, તારીખ: ૨૩-૦૪-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 204 PRICE :-RS. 1.50 DATE : 23-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દિલ્હી હાઈકોર્ટ આકરા પાણીએ: કેન્દ્ર સરકારને આડે હાથ દીધી

# ભીખ માંગો... ઉધાર લ્યો... ચોરી કરો પણ દર્દીઓને ઓકસીજન આપો

ન્યુ દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે ઓકસીજનની પુરતી વ્યવસ્થા નહિ કરવા બદલ કેન્દ્ર સરકારને ફટકાર લગાવતા કહયું છે કે, સરકાર માટે માનવ જીંદગીની કોઈ કિંમત નથી, અદાલતે આકરી ટિપ્પણી કરતાં કેન્દ્ર સરકારને કહયું હતુ કે ભીખ માંગો, કોઈ પાસેથી ઉધાર લ્યો કે ચોરી કરીને પણ દર્દીઓ માટે ઓકસીજનની વ્યવસ્થા કરો. મેકસ હોસ્પિટલ ગ્રૂપ દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરી જણાવાયું હતું કે, અમારી હોસ્પિટલોમાં ઓકસીજનનું સ્તર ખતરનાક સ્તરે ઘટી ગયુ છે અમોને તરત ઓકસીજન જોઈએ છે. જસ્ટીશ વિપિન સંઘી અને જસ્ટીશ રેખા પલ્લીની ખંડપીઠે આ અંગે સુનાવણી કર્યા બાદ ઓકસીજનનો પુરવઠો પુરો પાડવા કેન્દ્રને આદેશ આપતા તીખી ટીપ્પણી કરી હતી.




અદાલતે કેન્દ્ર સરકારને કહયું હતું કે અમે એ જઈને દુ:ખી અને આંચકો અનુભવીએ છીએ કે સરકાર વાસ્તવિકતા નથી જોતી. હાઈકોર્ટ સરકારને કહયું હતું કે અમે લોકો ઓકસીજનની અછતથી મરતા જોઈને શકીએ. દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર પર ટિપ્પણી કરતાં કહ્યું હતું કે ઉધાર લો કે પછી ચોરી કરો, પરંતુ ઓક્સિજન લઈને આવો, અમે દર્દીઓને મરતા નહિ જોઈ શકીએ. બુધવારે દિલ્હીની કેટલીક હોસ્પિટલોમાં ઓક્સિજનની તાત્કાલિક જરૂરિયાત સંબંધમાં સુનાવણી કરતાં દિલ્હી હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી.

દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો હતો કે કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર કરી રહેલી દિલ્હીની હોસ્પિટલોને કોઈપણ રીતે ઓક્સિજન ઉપલબ્ધ કરાવવામાં આવે. આ અંગે કોર્ટે એ વાતનો ઉલ્લેખ પણ કર્યો હતો કે કેન્દ્ર સ્થિતિની ગંભીરતાને શા માટે સમજી રહી નથી. કોર્ટે નાસિકમાં પૂરતો ઓક્સિજન ન મળવાને કારણે થયેલા મોતનો પણ ઉલ્લેખ કર્યો.

દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે ઉદ્યોગો ઓક્સિજન માટે ઘણા દિવસો સુધી રાહ જોઈ શકે છે, જોકે અહીં હાલની સ્થિતિ ખૂબ જ નાજુક અને સંવેદનશીલ છે. જો ટાટા કંપની તેના ઓક્સિજન ક્વોટાને ડાઈવર્ટ કરી શકે છે તો બીજા શા માટે આવું ન કરી શકે. શું માનવતાને કોઈ સ્થાન જ નથી. આ હાસ્યાસ્પદ છે. કોર્ટે દિલ્હીની મેક્સ હોસ્પિટલની અરજી પર સુનાવણી કરી, જેણે ૧૪૦૦ કોવિડ દર્દીને બચાવવા માટે કોર્ટનો સહારો લીધો હતો. હોસ્પિટલે દાવો કર્યો કે તેની પાસે પર્યાપ્ત ઓક્સિજ નથી. આ અંગે કોર્ટે અચરજ વ્યક્ત કરતાં કહ્યું હતું કે તેના આદેશ પર હોસ્પિટલોને ઓક્સિજન અપાઈ રહ્યો નથી. જજ વિપિન સાંઘી અને જસ્ટિસ રેખા પલ્લીની પીઠે આ દિવસોમાં સુનવણી કરતા કહ્યુ કે ઓકિસજનની માંગને પહોંચી વળવાની જવાબદારી સંપૂર્ણ રીતે કેન્દ્ર સરકારના ખભા પર છે અને જરુર પડવા પર સ્ટીલ અને પેટ્રોલિયમ સહિત તમામ ઉદ્યોગોના તમામ ઓકિસજનની આપૂર્તિ મેડિકલ ઉપયોગ માટે કરી શકાય છે.

પીઠે કહ્યુ સ્ટીલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગ ઓકિસજનની બહુ મોટી ખપત કરે છે અને ત્યાંથી ઓકિસજન લેવાથી હોસ્પિટલોની જરુરિયાતો પુરી થઈ શકે છે. કોર્ટે કહ્યુ કે જયારે ટાટા પોતાના સ્ટીલ પ્લાન્ટમાં બનાવેલ ઓકિસજન મેડિકલ ઉપયોગમાં આપી શકે છે તો બીજા એવું કેમ નથી કરી શકતા. આ લાલચની હદ છે. શું જરાય માનવતા નથી બચી?

હાઈકોર્ટે કહ્યુ કે આ ઓકિસજન ઉત્પાદન કરનારા સ્ટીલ પ્લાન્ટને ચાલુ રાખવાની પરવાનગી આપવાની કેન્દ્રની નીતિ ખુશ નથી. તેમણે કહ્યુ કે કેન્દ્ર સરકાર હોસ્પિટલોને ઓકિસજન પૂર્તીની રીતે માટે તથા સંસાધનો પર વિચાર કરશે. ચાહે વિશેષ કોરિડોર જ બનાવે કે પછી વિમાનથી પહોંચાડે. કોર્ટે બાલાજી મેડિકલ એન્ડ રિસર્ચ જેન્ટરની અરજી પર સુનવણી કરી હતી. આ સંસ્થા મેકસ નામની અનેક હોસ્પિટલો ચલાવે છે. અરજીમાં ઓકિસજનની સ્થિતિ સારી ન હોવાથી અનેક લોકોને જીવનું જોખમ હોવાની વાત કરાઈ હતી.

પીઠે કહ્યુ કે અમે કેન્દ્રને આ નિર્દેશ આપવા બંધાયેલા છીએ કે આ આદેશનું તાત્કાલિક પાલન થાય અને હોસ્પિટલોને સ્ટીલ પ્લાન્ટ તથા જરુર પડે તો પેટ્રોલિયમ પ્લાન્ટમાંથી ઓકિસજન લે. તેમણે કહ્યું કે આવા ઉદ્યોગોને હોસ્પિટલની સ્થિતિ સુધરવા સુધી ઉત્પાદન રોકવુ પડશે. કોર્ટે તેમને કહ્યુ તેઓ તે ઓકિસજનનું ઉત્પાદન વધારીને બીજા રાજયો માટે કેન્દ્રનો આપે.

એડિશન સોલિસીટર જનરલ ચેતન શર્માના અનુરોધ પર હાઈકોર્ટે થોડાક સમય માટે વિરામ બાદ રાત ૯.૨૦ વાગે સુનવણી જારી રાખવા પર સહમતિ વ્યકત કરી હતી, પીઠે કહ્યું કે અમારી ચિંતા ખાલી દિલ્હી માટે નથી. અમે જાણવા માંગીએ છીએ કે ભારતમાં ઓકિસજનની માંગ માટે કેન્દ્ર સરકાર શુ કરી રહી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર શુ કરી રહી છે. જો દિલ્હીમાં આ સ્થિતિ છે તો નિશ્ચિત જ બીજા રાજયોમાં આવુ જ હશે.

## રેમડેસિવિર મુદ્દે ગુસ્સે થઈ હાઈકોર્ટ, એમ્બ્યુલન્સ મામલે પણ ઝાટકણી કાઢી

અમદાવાદ,

કોરોનાની ગંભીર પરિસ્થિતિને લઈને હાઈકોર્ટમાં થયેલી સુઓમોટોને લઈને ગુજરાત હાઈકોર્ટે **(Gujarat Highcourt)** મહત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે આ મામલે કડકાઈથી કામ લઈને નિર્દેશ આપ્યા છે. સાથે જ રેમડેસિવિર ઈન્જેક્શન મામલે પણ હાઈકોર્ટે ટકોર કરી કે, ઈન્જેક્શનનો સ્ટોક હોવા છતા કોવિડ હોસ્પિટલમાં ઈન્જેક્શન પહોંચી નથી રહ્યાં.



હાઈકોર્ટે એસવીવી હોસ્પિટલ **(SVP)** સામે હાઈકોર્ટે લાલ આંખ કરતા કહ્યુ કે, **SVP** હોસ્પિટલમાં રેમડેસિવિર **(Remdesivir)** નો સ્ટોક હોવા છતાં કોવિડ હોસ્પિટલમાં ઈન્જેકશન પહોંચતા નથી. **SVP** માં ઈન્જેકશનના સ્ટોક અંગે સરકાર તપાસ કરે. સાથે જ હાઈકોર્ટે કહ્યુ કે, ગ્રામ્ય વિસ્તારોમાં રેમડેસિવિર અને ટોસિલિઝુબેમ મળે છે કે નહિ તે અંગે સરકાર ધ્યાન આપે. તાલુકામાં કોરોના અંગે કોર કમિટી બનાવી મેડિકલ સુવિધાઓ પૂરી પાડો. ૧૦૮માં આવતા ક્રિટીકલ દર્દીઓની વિગત સરકાર ધ્યાન રાખે. ગુજરાત હાઈકોર્ટે આકરા તેવર બતાવીને રાજ્ય સરકારને મહત્વના નિર્દેશ આપતા કહ્યુ કે, રેમડેસિવિરના વિતરણ બાબતે રાજ્ય સરકાર પોતે જરૂરી નિતિ વિષયક નિર્ણય લે. રેમડેસિવિર ઈન્જેકશનનું વિતરણ મ્યુ. કમિશ્નર કે જિલ્લા કલેકટરોની જવાબદારી ઉભી કરીને સોંપવી જોઈએ નહિ. આરોગ્ય વિભાગના અગ્રસચિવ તમામ જરુરી લોકો સાથે અરજન્ટ મિટિંગ બોલાવી અને આ પ્રશ્નના નિરાકરણ માટે કાર્યવાહી કરે. દર્દીઓને એક હોસ્પિટલમાંથી બીજા હોસ્પિટલમાં લઈ જવા ૧૦૮ને પણ હાઈકોર્ટે આદેશ આપ્યો છે. હાઈકોર્ટે આ મુદ્દે કહ્યુ કે, ૧૦૮ હોસ્પિટલમાં દર્દીને ઉતાર્યા બાદ અન્ય જગ્યા પર લઈ જતા નથી તેવું હવે નહિ ચાલે. કોરોના વાયરસ સંક્રમણના મુદ્દે હાઈકોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ કર્યો કે, ક્રિટીકલ પેશન્ટ્સ માટે ૧૦૮ની ઉપલબ્ધતા પહેલા કરાવવામાં આવે. જેનો કોલ પહેલો આવ્યો તેને એમ્બ્યુલન્સ પહેલા લેવા જશે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવો. એમ્બ્યુલન્સ સેવા કરતા આવેલા કોલમાં ક્રિટીકલ પેશન્ટ કોણ છે તેના ત્યાં એમ્બ્યુલન્સ પહેલી પહોંચે તે જરૂરી છે.

સાથે જ રાજ્યમાં રેપિડ કરતા **RTPCR** ના ટેસ્ટિંગ પર ભાર મૂકવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે. ઓક્સિજન સહિત કોવિડમાં વપરાતી દવાઓના ભાવમાં ઘટાડો કરવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આઈસીયુ **(ICU)**, વેન્ટિલેટર સહીતની સુવિધાઓ પર ભાર મૂકવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે.

## હવે સિવિલ ૧૨૦૦ બેડ હોસ્પિ.માં ડેડબોડી મેનેજમેન્ટ તલાટીઓ કરશે

અમદાવાદ,

ગુજરાતમાં કોરોના સંક્રમણે હાહાકાર મચાવ્યો છે. તેવામાં ગુજરાતમાં સૌથી વધુ વિકટ પરિસ્થિતિ અમદાવાદની છે. અમદાવાદમાં સરકાર દ્વારા મોતનાં આંકડા માત્ર ૨૫ જ જાહેર કરવામાં આવે છે. પણ સ્મશાનોમાં સંદેશ ન્યૂઝના રિયાલિટી ચેકમાં આ આંકડો ૨૦૦થી પણ વધારે હોવાનો ઘટસ્ફોટ થયો છે. તેવામાં આજે રાજ્યની રૂપાણી સરકારે ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં ડેડબોડી મેનેજમેન્ટની કામગારી તલાટીઓને સોંપવાનો આદેશ કર્યો છે.

અમદાવાદમાં કોરોનાની સ્થિતિ અત્યંત ગંભીર છે. જેને કારણે અમદાવાદમાં ટપોટપ દર્દીઓનાં મોત થઈ રહ્યા છે. ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં કોરોના દર્દીઓને લઈને આજે પણ એમ્બ્યુલન્સોની લાઈનો લાગે છે. એટલું જ નહીં, પણ કોરોનાથી મોતને ભેટનાર દર્દીઓના મૃતદેહને લઈ જવા માટે પણ વેઈટિંગ ચાલતું હોય છે. તેવામાં રાજ્યની રૂપાણી સરકારે ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં ડેડબોડી મેનેજમેન્ટની કામગીરી તલાટીઓને સોંપવાનો નિર્ણય કર્યો છે. ડેડબોડી લેવામાં પડતી મુશ્કેલીને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. અને શિક્ષકો બાદ હવે તલાટીઓ પણ કોરોનામાં ફરજ બજાવશે.

હવે અહીં એ ચોંકાવનારી વસ્તુ છે કે, સરકારી ચોપડે અમદાવાદમાં કોરોનાને કારણે માત્ર ૨૫ દર્દીઓનાં મોત જ દર્શાવવામાં આવે છે. તેવામાં જો આખા અમદાવાદ શહેરની હોસ્પિટલોમાં માત્ર ૨૫ જ મોત થાય છે. તો એકલી ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં ડેડબોડી મેનેજમેન્ટની જવાબદારી કેમ તલાટીઓને સોંપવામાં આવી. એટલે કે સરકારી ચોપડે નોંધાતા આંકડા કરતાં ૧૨૦૦ બેડમાં મોતનો આંકડો ખુબ જ વધારે છે. સંદેશ ન્યૂઝ દ્વારા સ્મશાનોનાં રિયાલિટી ચેકમાં ૨૦૦થી પણ વધારે મોતનો ઘટસ્ફોટ થયો છે.

## સિટી સ્કેન રિપોર્ટના આધારે સરકારી હૉસ્પિટલમાં દાખલ થઈ શકાશે

ગાંધીનગર,

રાજયમાં જ્યારે કોરોના મહામારીનો કહેર વ્યાપી રહ્યો છે ત્યારે કેન્દ્રની સાથે રાજ્ય સરકાર પણ એલર્ટ મોડ પર આવી ગઈ છે. આજે કેબિનેટની બેઠક યોજવામાં આવી હતી. જેમાં કોરોના જ ચર્ચાનો મુદ્દો રહ્યો હતો. જેમાં ઓક્સિજન અને રેમડેસિવીર ઈન્જેક્શ અંગે પણ ચર્ચા થઈ હતી. જેમાં મહત્ત્વનાં બે નિર્ણયો લેવામાં આવ્યા છે. હવે કોરોનાના દર્દી પાસે આરટીપીસીઆરનો રિપોર્ટ નહીં હોય તો સિટી સ્કેનના રિપોર્ટનાં આધારે પણ દાખલ કરી શકાશે. આ સાથે અન્ય નિર્ણય લેવાયો છે કે, રેમડેસિવીર ઈન્જેક્શનો માટે પ્રોટોકોલ પણ તૈયાર કરવામાં આવશે. આ બેઠકમાં ઓક્સિજનના કુલ ઉત્પાદન સામે વપરાશ વધારે હોવાની વાત પણ ચર્ચાઈ હતી. આ સાથે રેમડેસિવીરની અછત અંગે પણ ચર્ચા થઈ હતી. જે બાદ નિર્ણય લેવામાં આવ્યો કે, રેમડેસિવીરના વપરાશ માટે પ્રોટોકોલ તૈયાર કરવામાં આવશે. નોંધનીય છે, કે આરટીપીસીઆરનો રિપોર્ટ આવતા એકથી બે દિવસનો સમય લાગી રહ્યો છે. ત્યારે જો સિટી સ્કેનનો રિપોર્ટમાં ગંભીરતા જણાતી હોય તો તેના આધારે પણ દર્દીને સારવાર આપી શકાશે. જેના કારણે દર્દીની સારવારમાં થોડું પણ મોડું ન થાય અને સારવાર શરૂ થઈ જાય.

## કોરોનાનો હાહાકાર, દેશમાં એક જ દિવસમાં ૩.૧૫ લાખ સંક્રમિત મળ્યા, ૨૧૦૦થી વધારે મોત

ન્યુ દિલ્હી,

કોરોના સંક્રમણની બેકાબૂ રફતાર અટકવાનું નામ જ નથી લઈ રહી. ભારતમાં છેલ્લા અનેક દિવસથી રેકોર્ડ સંખ્યામાં પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩.૧૫ લાખથી વધારે વર્લ્ડ રેકોર્ડ સમાન નવા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત સતત બીજા દિવસે પણ મૃતકઆંક ઉંચો ગયો છે.



તાજેતરના અહેવાલ પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૨,૧૦૦થી પણ વધારે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ભારતમાં દરરોજ ખૂબ જ ઝડપથી વધી રહેલો એક્ટિવ કેસનો આંકડો ખૂબ જ ચિંતાજનક છે. ભારતમાં સતત વધી રહેલા પોઝિટિવ કેસની સરખામણીએ કોવિડ-૧૯ના દર્દીઓના સાજા થવાનો દર ઘટી રહ્યો છે.

રાષ્ટ્રીય સ્તરે સાજા થવાનો દર ઘટીને ૮૫.૦૧ ટકા થઈ ગયો છે. વર્લ્ડોમીટરના અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૩,૧૫,૭૨૮ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ ભારતમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૧,૫૯,૨૪,૮૦૬ થઈ ગઈ છે.

મૃત્યુના મામલે પણ છેલ્લા બે દિવસથી ડરાવનારા આંકડા સામે આવી રહ્યા છે. બુધવારે રેકોર્ડ ૨,૧૦૧ લોકોનાં મોત થયાં. મૃત્યુનો આ આંકડો અત્યાર સુધીનો સૌથી વધુ છે. આ પહેલા મંગળવારે ૨,૦૨૧ મૃત્યુ નોંધાયા હતા. ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં એક દિવસમાં આટલા બધા મૃત્યુ થઈ રહ્યા છે. અન્ય તમામ દેશોમાં એક હજાર કરતા પણ ઓછા લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં ૬૭,૪૬૮, ઉત્તર પ્રદેશમાં ૩૩,૧૦૬, દિલ્હીમાં ૨૪,૬૩૮, કર્ણાટકમાં ૨૩,૫૫૮, કેરળમાં ૨૨,૪૧૪, રાજસ્થાનમાં ૧૪,૬૨૨, છત્તીસગઢમાં ૧૪,૫૧૯, મધ્યપ્રદેશમાં ૧૩,૧૦૭,

(અનુ.પાના.નં.૨)

## મહારાષ્ટ્રમાં ટોટલ લોકડાઉન: ૧લી મે સુધી બધું જ બંધ


મુંબઈ,

મહારાષ્ટ્રમાં કોરોનાને લીધે સ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી છે. આ સ્થિતિને જોતાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રાજ્યમાં નિયંત્રણોને વધારે લંબાવ્યા છે. આ નિયંત્રણો દેશમાં લગાવવામાં આવેલાં પહેલાં લોકડાઉનની સમકક્ષ છે. મહારાષ્ટ્રમાં કાલે રાત્રે આઠ વાગ્યાથી ૧લી મે સુધી આ નિયંત્રણો લાગુ રહેશે.

'બ્રેક ધ ચેન'થી ઈસ્યુ કરવામાં આવેલી નવી ગાઈડલાઈન્સ પ્રમાણે, તમામ સરકારી કાર્યાલયો ફક્ત ૧૫ ટકા કર્મચારીઓની હાજરીમાં ચાલશે. કોવિડ-૧૯ મેનેજમેન્ટવાળી સંસ્થાઓએ આ અંગે છૂટછાટ રહેશે.

રાજ્યોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૫૬૮ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૬૭,૪૬૮ નવા દર્દી મળ્યા છે. રાજ્યમાં એક દિવસમાં મોતનો આ સૌથી મોટો આંકડો છે.

રાજ્યમાં કડક નિયંત્રણ બાદ એટલે કે ૧૫ એપ્રિલથી સંક્રમણના કેસમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી. સોમવારના આંકડા સિવાય અગાઉ સતત ચાર દિવસથી આંકડા ૬૦ હજારને પાર આવતા હતા. સોમવારે ઓછા આંકડા આવવા પાછળ મોટું



કારણ રવિવારના રોજ ઓછું ટેસ્ટિંગ હતું.

મુંબઈ મ્યું. કમિશનર ચહલે કહ્યું હતું કે મુંબઈમાં ૮૭ ટકા અસિમ્પ્ટોમેટિક દર્દી છે. આ સાથે ડેથ રેટ પણ ઓછો છે. મુંબઈમાં બીજી લહેર આવ્યાના ૭૦ દિવસ થઈ ગયા છે, આ દરમિયાન મહાનગરમાં કોરોના ડેથ રેટ ફક્ત ૦.૦૩ ટકા રહ્યો છે, જે રાહતની વાત છે. તેમણે કહ્યું હતું કે મુંબઈમાં કોરોનાની બીજી લહેર હોવા છતાં મહાનગરપાલિકા વહીવટીતંત્ર અને ડોક્ટરોએ લોકોનો જીવ બચાવ્યો.

મુંબઈમાં ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૧થી બીજી લહેર શરૂ થઈ છે. મુંબઈમાં એ સમયે ૧૧,૪૦૦ કોરોના દર્દીના મોત થયાં હતાં, પણ ૧૯ એપ્રિલ,૨૦૨૧ સુધી મૃત્યુઆંક ૧૨,૩૪૭ થઈ ગયો છે. આ રીતે કોરોનાની બીજી લહેરમાં ૭૦ દિવસમાં ૯૫૩ દર્દીનાં મોત થયાં છે. મુંબઈમાં છેલ્લા ૭૦ દિવસમાં ૧૩.૬ કોરોડના પોઝિટિવ દર્દીના દરરોજ થતાં મૃત્યુ અને મૃત્યુદર ૦.૦૩ ટકા રહ્યો છે, જ્યારે આ સમયમાં પોઝિટિવ દર્દીની સંખ્યા ૨.૬૬ લાખ વધી છે.

## બંગાળમાં છઠ્ઠા તબક્કાના મતદાનમાં પણ હિંસા, ૩ જગ્યાએ બોમ્બ વિસ્ફોટ, એકનું મોત

ન્યુ દિલ્હી,

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના મતદાન પહેલા મંગળવારે રાજ્યમાં ૩ જગ્યાએ બોમ્બ વડે હુમલો થયો હતો. મતદાન પહેલા થયેલા વિસ્ફોટોના કારણે ફરી એક વખત ભયનું વાતાવરણ સર્જાયું હતું. છઠ્ઠા તબક્કાનું મતદાન થવાનું હતું તે ક્ષેત્રોમાં જ બોમ્બ વિસ્ફોટની ઘટના બની હતી. વિસ્ફોટની આ ઘટનાઓમાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

ઉત્તર ૨૪ પરગણાના ટીટાગઢ ખાતે આવેલા ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ક્રુડ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ અંગે જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને કાટમાળ નીચે દટાયેલા બે લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. તે પૈકીના ૨૮ વર્ષીય એક શખ્સનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

ઉપદ્રવીઓએ બૈરકપુર વિધાનસભા ક્ષેત્રમાં આવતા ટીટાગઢમાં જ અન્ય એક સ્થળે પણ કાચા બોમ્બ ફેંક્યા હતા. આ જગ્યા ભાજપના નેતા સંતોષ જેનાના ઘરની નજીક છે. પોલીસે બુધવારે તે વિસ્તારમાંથી બે જીવીત ક્રુડ બોમ્બ જપ્ત કર્યા હતા. આ બંને ઘટના બાદ ક્ષેત્રમાં ભારે તણાવ વ્યાપ્યો હતો.

ભાટાપારા ખાતે પણ મંગળવારે મોડી રાતે બોમ્બ વિસ્ફોટની ઘટના બની હતી. આ ક્ષેત્ર ભાજપના સાંસદ અર્જુન સિંહનો ગઢ ગણાય છે. તેઓ પહેલા ટીએમસીના સદસ્ય હતા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી કબીરકૃપા ગ્રા. ભં.લી.
મુ. નાગવાવ, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી સેવનીયા વિ.સ. મંડળી લી.
મુ. સેવનીયા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.


ઘાંચી કાદીર અજીતભાઈ
મુ. જીતપુરા, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મન્સુરી યુસુફ અ.મજીદ
મુ. જીતપુરા, તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગરમાં આજે ૯૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૩૪૩૦ કેસ નોંધાયા




લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૭ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૭ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૦ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૫ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૨-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૩૪૩૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી કડાણા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૭ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલાઇમાં અત્યાર સુધીમાં કુલ ૨૭૮૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૧ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૮૩૬૦૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૨ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-લુણાવાડા, ૩૧૪ દર્દી હોમ આઇસોલેશન, ૭૬ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૪૦ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૧૩૬ દર્દી પ્રાઈવેટ હોસ્પિરટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૭૯ દર્દીઓ સ્ટેબલ અને ૧૧૨ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૭ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૨૧
કડાણા-૧૩
ખાનપુર-૯
લુણાવાડા-૨૪
સંતરામપુર-૧૮
વિરપુર-૫

- જીલ્લામાં એકટીવ કેસ ૫૯૮.
- કોરોનાના સ્વસ્થ થયેલ દર્દીઓ ૨૭૮૧.
- કોરોનાથી ૧૧ મોત.

# રાજસ્થાન સરહદ પરથી ઊંટ પર વિદેશી દારૂની ફેરા ફેરી કરતા ઈસમને ઝડપી પાડતી બાકોર પોલીસ



લુણાવાડા, મહીસાગર જીલ્લામાં પોલીસ અધિક્ષક રાકેશ બારોટનાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક મહીસાગર જીલ્લામાંના ઓ દ્વારા પરોહીબીશન અંગેની બદીને નેસતાનાબુદ કરવા અંગે આપેલા સુચના આધારે બાકોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.બી વાછાણી તથા સ્ટાફ રાત્રીના સમયે ખાનગી વાહનો લઈને પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમી મળેલ કે ઊંટ પર વિદેશી દારૂ આવનાર છે જે બાતમી આધારે સીમલવાડા જંગલ વિસ્તારમાં જયને બાતમીના આધારે ઊંટને પકડી પાડી કુલ.૬૨.૬૦૦/ મુદ્દામાલ ઝડપી પાડેલ છે રાજસ્થાન રાજ્યમાંથી દારુ મોકલનાર તથા મંગાવનાર ઈસમોને ઝડપી પાડવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# શહેરાના ઉમરપુર ગામે લગ્ન પ્રસંગમાં ૨૦૦ જેટલા લોકો ભેગા થતાં પોલીસે નિમંત્રક અને ડી.જે. સંચાલક વિરૂદ્ધ ફરિયાદ

શહેરા, શહેરા તાલુકાના ઉમરપુર ગામે લગ્ન પ્રંસગમા ૫૦ માણસોની પરવાનગી સામે ૨૦૦ જેટલા માણસો ભેગા થયા હતા. પાઘડીની વિધિમાં અચાનક પોલીસ પહોંચી જઈને કાર્યવાહી હાથધરી હતી. કોરોનાના નિયમોનું પાલન નહી થવા સાથે ડીજે સિસ્ટમ વગાડવાનુ ચાલુ રાખીને જાહેરનામાનો ભંગ કરવા બદલ વરરાજાના પિતા વિક્રમ સોલંકી અને ડીજેના ઓપરેટર સામે પોલીસ મથકમાં જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ નોંધાઈ હતી.

શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કહેર વચ્ચે લગ્ન પ્રસંગો યોજાઈ રહયા છે. કોરોના ના વધતા જતા કહેર વચ્ચે તાલુકાના વિસ્તારમાં લગ્ન પ્રસંગમાં ૫૦ થી વધુ લોકો ભેગા થવા સાથે સોશિયલ ડિસ્ટન્સનુ પાલન નહી થતુ હોવાનું પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર નંદલાલ પ્રજાપતિ ને દયાનમાં આવ્યું હતુ. તાલુકાના ઉમરપુર ગામના ડેરી ફળિયામાં રહેતા વિક્રમસિંહ સોમસિંહ સોલંકીના પુત્ર સંજયના લગ્ન પ્રંસગમાં ૧૫૦ થી વધુ લોકો એકત્રિત થવા સાથે ડી.જે.સિસ્ટમ પર લોકો નાચી રહયા હતા. બપોર ના સમયે પાઘડીની વિધિમાં કંકોત્રી આપેલ મહેમાનો પણ આ પ્રસંગે હાજરી આપવા આવેલા હતા.વિક્રમ સોલંકી અને તેમના પરીવારજનો તેમજ સગા સબંધીઓ ખુશીની પળો માડી રહયા હતા.ત્યારે અચાનક પોલીસની એન્ટ્રી થઈ હતી. ડીજે સિસ્ટમના ઓપરેટર સુરેશભાઈ રતનભાઈ પગીનુ ડીજે સિસ્ટમ ચાલુ હોવા સાથે ૫૦ની મંજૂરી કરતા વધુ લોકો ભેગા થયેલા નજરે પડ્યા હતા.કોરોના વાયરસને લઈને જાહેરનામુ હોવા છતા વિક્રમસિંહ સોલંકીના ઘરે પાઘડીના પ્રસંગે સરકારના નિયમાનુસાર મંજૂરી મેળવેલ કરતા વધુ એકત્રીત થવા સાથે કોરોનાના ગાઇડલાઈનનું પાલન થઈ રહયુ નહી હોવાથી પોલીસે વિક્રમ સોલંકી અને દલવાડા ગામના ડી.જે. સિસ્ટમના ઓપરેટર સુરેશ પગી સામે જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો નોધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# લુણાવાડા કોઠા ગામમાં લગ્ન પ્રસંગમાં વધુ માણસો ભેગા કરી ગાઇડલાઇનનો ભંગ કરતા કાયદેસરની કાર્યવાહી કરાઇ

લુણાવાડા, હાલના કોરોનાના વધતા જતા સંક્રમણને જોતાં જિલ્લાવ કલેકટર આર. બી. બારડે મહીસાગરવાસીઓને જો શકય હોય તો હાલના સંજોગોને ધ્યાવને લઇ લગ્ને પ્રસંગો મુલત્વીં રાખવા અને જો લગ્નો પ્રસંગો મુલત્વીવ રાખવા શકય ન હોય તો કેન્દ્ર-રાજય સરકાર દ્વારા સુચવવામાં આવેલ કોરોના ગાઇડલાઇનના ચૂસ્ત પાલન સાથે ૫૦ થી વધુ ન હોય તેવા મહેમાનો સાથે લગ્નવ પ્રસંગો યોજવા તાજેતરમાં અપીલ કરી જો કોરોના ગાઇડલાઇનનો ભંગ થશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જણાવ્યુંન હતું. પરંતુ જાણે કે જિલ્લાન કલેકટરની અપીલની જાણે કે કોઇ અસર ન થતી હોય તેમ અમુક લોકો હજુ પણ તેને ગંભીરતાથી નથી લઇ રહ્યા.

જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ વડા બારોટ અને નાયબ પોલીસ અધિક્ષકએ હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે કોવિડ-૧૯ની સુચનાઓ અને ગાઇડલાઇનનું ચૂસ્તંપણે પાલન થાય તે માટે જિલ્લાનના તમામ પોલીસ સ્ટેકશનના પોલીસ જવાનોને કડક કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી છે.

આ સુચનાના આધારે લુણાવાડા પોલીસ સ્ટેશિન વિસ્તારમાં ગઇકાલે તા.૨૧મીના રોજ ઓનલાઇન મંજૂરી મેળવી હોય તેવા લગ્નય પ્રસંગોના સ્થલળો પર પોલીસ જવાનો દ્વારા ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ચેકીંગ દરમિયાન કોઠા ગામે જસવંતભાઇ પ્રતાપભાઇ બારિયા કે જેઓના ઘરે લગ્નપ પ્રસંગ હતો આ લગ્નક પ્રસંગમાં મંજૂરી કરતાં વધુ માણસો ભેગા કરવામાં આવેલ હોવાનું તેમજ સોશિયલ ડિસ્ટ ન્સીંગનું પાલન થઇ રહ્યું ન હોવાનું જણાઇ આવતાં તેઓના વિરૂધ્ધર ઇ.પી.કો. કલમ-૨૬૯ તથા એપેડેમીક ડીસી એકટ-૧૮૫૭ની કલમ-૩(૧) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી લુણાવાડા પોલીસ સ્ટેધશનમાં ગુન્હોૌ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું મહીસાગર-લુણાવાડાના પોલીસ સ્ટેકશન દ્વારા જણાવાયું છે. આથી મહીસાગરવાસીઓને પોતાને ત્યાંસ યોજાતા લગ્ના પ્રસંગો કોવિડ-૧૯ની ગાઇડલાઇન મુજબ અને નિયત મહેમાનોની હાજરીમાં જ યોજાઇ તે જોજો. જિલ્લાજનું પોલીસ તંત્ર ગમે ત્યાડરે ચેકીંગ કરશે અને જો સહેજપણ ગાઇડલાઇનનો ભંગ થશે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હો નોંધવામાં આવશે તો આ ગૂન્હોં દાલન ન થાય તે માટે અને કાયદેસરની કાર્યવાહીમાંથી બચવા ગાઇડલાઇનના પાલન સાથે લગ્ન પ્રસંગો યોજવા મહીસાગરવાસીઓને પુનઃ અપીલ છે.

# ચાર દિવસથી ગુમ નરસાણા ગામના યુવાનની લાશ જૂના બામરોલી ગામના ખેતરમાથી મળતા ચકચાર


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકા નરસાણા ગામના ચાર દિવસથી ગુમ યુવાનની લાશ જૂના બામરોલી ગામની સીમમાં આવેલા ખુલ્લા ખેતર માથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે.પોલીસ ઘટના સ્થળે પહોચી કાયદેસરની કાર્યવાહી હાથધરી ને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

શહેરા તાલુકાના નરસાણા ગામનો યુવાન સોલંકી રમેશ પ્રતાપ મંડપ ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. રમેશ પોતાના પરીવારજનો ને ઘરેથી કહયા વગર તે નીકળી ગયો હતો. ઘરના લોકો રમેશ ઘરે પરત નહી આવતા ભારે ચિંતિત થયા હતા. સગા સંબંધીઓ અને પોતાના ગામમાં શોધખોળ કરવા છતાં તે મળી નહી આવ્યો હતો.ચાર દિવસથી ગૂમ યુવાન ની પરિવારજનો શોધખોળ કરી રહયા હતા.ત્યારે આ સ્થાનિક ગામને અડીને આવેલા જૂના બામરોલી ગામ ના ખુલ્લા ખેતર મા એક યુવાન ની લાશ પોલીસ ને મળી હતી. પોલીસ તપાસમા ખુલ્લા ખેતરમાં મળી આવેલ પુરૂષની લાશ રમેશ સોલંકી નામના યુવાનની હતી. પોલીસ એ મરણ ગયેલ યુવાન પરીવારજનો ને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા.બનાવ સ્થળ ખાતે પરીવારજનોના રોકકળથી વાતાવરણમા ગમગીની છવાઈ ગઈ હતી.બનાવ સ્થળે મોટી સંખ્યામાં લોક ટોળા ઉમટી આવ્યા હતા. યુવાનના મોતને લઈને અનેક તર્ક વિર્તકો સર્જાયા છે.સ્થાનિક પોલીસ દ્વારા યુવાની લાશને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દઈને તપાસના ચક્રો ગતીમાન કર્યા છે.

# ધોરણ ૩-૮ની સામયિક કસોટી મોકૂફ રાખવાનો રૂપાણી સરકારનો આદેશ



ગાંધીનગર, ગુજરાતમાં કોરોના સંક્રમણ વધતાં તેની સીધી અસર ફરીથી શિક્ષણ પર જોવા મળી છે. હાલમાં રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૩-૮ની સામયિક કસોટીને લઈને મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૭ અને ૨૮ એપ્રિલે યોજાનાર ધોરણ ૩-૮ની સામયિક કસોટી મોકૂફ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. GCERT દ્વારા આ મામલે જિલ્લા શિક્ષણાધિકારી અને પ્રાથમિક શિક્ષણાધિકારીને પત્ર લખ્યો છે. અગાઉ કોરોનાની સ્થિતિને અનુલક્ષીને રાજ્ય સરકારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓ મોકૂફ રાખવાનો નિર્ણય લીધો હતો. આ પરિક્ષાઓ અગાઉ ૧૦મી મેથી ૨૫મી મે સુધી યોજાવાની હતી. જે વિદ્યાર્થીઓનાં હિતને જોતા હવે સ્થગિત રાખ

આ ઉપરાંત રાજયમાં ધોરણ ૧ થી ૯ અને ધોરણ ૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આ વર્ષે માસ પ્રમોશનનો લાભ આપવાનો મોટો નિર્ણય પણ રૂપાણી સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. આ સાથે સમગ્ર રાજયમાં ધોરણ ૧ થી ૧૨નાં વર્ગોમાં ઓફલાઈન શિક્ષણ આગામી દસમી મે સુધી અથવા રાજ્ય સરકાર દ્વારા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી બંધ રાખવામાં આવશે તેવો આદેશ કરવામાં આવ્યો હતો.

# જવાહર નવોદય વિદ્યાલય દ્વારા ધો.૬ની તા.૧૬મી મેના રોજ લેવાનાર પ્રવેશ પરીક્ષા મોકૂફ

લુણાવાડા, જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા (જે.એન.વી.એસ.ટી.)-૨૦૨૧માં ધો.૬ના વિદ્યાર્થીઓ માટે આગામી સત્ર ૨૦૨૧-૨૦૨૨ની પ્રવેશ પરીક્ષા જે આગામી તા. ૧૬/૫/૨૦૨૧ના રોજ મિઝોરમ, નાગાલેન્ડી સિવાયના બધાજ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રવેશોમાં પરીક્ષા લેવામાં આવનાર હતી. આ પરીક્ષા હવે વહીવટી કારણોસર મુલત્વીવ રાખવામાં આવી છે. હવે પછી જ્યારે પણ આ પ્રવેશ પરીક્ષા લેવાનું નકકી કરવામાં આવશે ત્યા રે પરીક્ષા તારીખના ૧૫ દિવસ અગાઉ તેની જાણ કરવામાં આવશે તેની સંબંધિત વિદ્યાર્થી-વાલીઓને નોંધ લેવા બાલાસિનોર જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય રવિન્દ્રક જે. નરસાઇએ એક યાદી દ્વારા જણાવાયું છે.

## (પાન નં.૧ નું ચાલુ)

### કોરોનાનો હાહાકાર.....

ગુજરાતમાં ૧૨,૫૫૩, બિહારમાં ૧૨,૨૨૨, તામિલનાડુમાં ૧૧,૬૮૧, પશ્ચિમ બંગાળમાં ૧૦,૭૮૪ લોકો કોરોનાપોઝિટિવ મળી આવ્યા હતા.

બુધવારે અહીં ૬૭,૪૬૮ નવા દર્દીઓ મળી આવ્યા હતા. ૫૪,૯૮૫ દર્દીઓ સ્વસ્થ થયા અને ૫૬૮ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૦.૨૭ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૩૨.૬૮ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૬૧,૯૧૧ મૃત્યુ પામ્યા છે. હાલમાં અહીં લગભગ ૬.૯૫ લાખ લોકોની સારવાર કરવામાં આવી રહી છે.

ઉત્તરપ્રદેશ બુધવારે અહીં ૩૩,૧૦૬ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૧૪,૧૯૮ લોકો સ્વસ્થ થયા અને ૧૮૭ લોકો મૃત્યુ પામ્યા. અહીં સુધીમાં ૯.૪૨ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૬.૮૯ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૦,૩૪૬ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૨.૪૨ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

દિલ્હી બુધવારે રાજ્યમાં ૨૪,૬૩૮ લોકો કોરોના પોઝિટિવ મળી અવાયા હતા. ૨૪,૬૦૦ લોકો સાજા થયા અને ૨૪૯ લોકો મૃત્યુ પામ્યા. અહીં અત્યાર સુધીમાં ૯.૩૦ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૮.૩૧ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૨,૮૮૭ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અહીં ૮૫,૩૬૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

છત્તીસગઢ બુધવારે રાજ્યના ૧૪,૫૧૯ લોકોને કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. આ દરમિયાન ૧૫,૯૪૦ લોકો સાજા થયા અને ૧૮૩ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં ૧.૨૨ લાખ લોકોની સારવાર ચાલી રહી છે. કુલ ૫.૮૮ લાખમાંથી ૪.૫૯ લાખો લોકો સાજા થયા છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૬,૪૬૭ પર પહોંચી ગયો છે.

મધ્યપ્રદેશ બુધવારે રાજ્યમાં ૧૩,૧૦૭ લોકોને કોરોના સંક્રમણ લાગ્યું હતુ. ૯,૦૩૫ લોકો સાજા થયા અને ૭૫ લોકો મૃત્યુ પામ્યા. અહીં અત્યાર સુધીમાં ૪.૪૬ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાં ૩.૫૯ લાખ લોકો સાજા થયા છે ૪,૭૮૮ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૮૨,૨૬૮ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

ગુજરાત બુધવારે રાજ્યમાં ૧૨,૫૫૩ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. ૪,૮૦૨ લોકો સાજા થયા અને ૧૨૫ લોકો મૃત્યુ પામ્યા. અહીં અત્યાર સુધીમાં ૪.૪૦ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૩.૫૦ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૭૪૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહીં ૮૪,૧૨૬ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

# હાલોલ પુરાની શોપીંગ સેન્ટરની દુકાનમાંથી ૬૮ હજારના મુદ્દામાલની ચોરી જતાં તસ્કરો

હાલોલ, હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ પુરાની શોપીંગ સેન્ટરમાં દુકાનના દરવાજાનું તાળું તોડી દુકાન માંથી તેલના ડબ્બા અને ચાના કાર્ટુન મળી ૬૮ હજાર રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયેલ હોય આ બાબતે પોલીસ ફરિયાદ નોધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ-પાવાગઢ રોડ ઉપર આવેલ પુરાની શોપીંગ સેન્ટરમાં દુકાન નંબર-૨માં દુકાન ધરાવતા હરીશ મંગારામ સુલવાણીની દુકાનને તસ્કરો એ નિશાન બનાવી હતી અને દુકાનનું શટર તોડી તસ્કરો દુકાનમાં પ્રવેશ કરી તેલના ડબ્બા તથા ચાના જુદા જુદા કાર્ટુન મળી કિંમત ૬૮,૦૦૦ રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મૃતદેહોના ઢગલા પર બેઠું છે ગુજરાત, અમદાવાદનો કોરોના ડેથ રેટ આખા દેશમાં સૌથી ઊંચો

ન્યુ દિલ્હી, ભારત સરકારના જ આંકડા કહે છે કે અત્યારસુધીનાં ૫૬૧૫ મોતમાં અડધોઅડધ, એટલે કે ૨૬૬૭ મોત એકમાત્ર અમદાવાદમાં થયાં છે.

ગુજરાતમાં બરાબર એક વર્ષ બાદ કોરોનાના કેસ ફરી માઝા મૂકી રહ્યા છે. ગત વર્ષે ૧૯ માર્ચના રોજ સુરત અને રાજકોટમાં એકસાથે કોરોનાના કેસ ડિટેક્ટ થયા હતા, જે ગુજરાતમાં કોરોનાના પગપેસારાનો પુરાવો હતો. સમગ્ર માર્ચ-૨૦૨૦માં ગુજરાતના સરકારી ચોપડે ૭૪ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા, જેમાંથી ૬નાં મોત થયાં હતાં. આમ, કેસ ફેટાલિટી રેશિયો (CFR)ની (કોરોનાના કુલ કેસમાં મોતની ટકાવારી) દૃષ્ટિએ જોઈએ તો માર્ચ-૨૦૨૦માં ગુજરાતમાં એ ૮.૧% હતો, જે અત્યારસુધીનો હાઈએસ્ટ આંક છે. જોકે અત્યારે પણ ગુજરાતની સ્થિતિ કાંઈ સારી તો છે જ નહીં. હાલ ગુજરાતનો CFR ભલે ૧ ટકાની નીચે હોય, પરંતુ રાજ્યમાં કોરોનાનું એપિસેન્ટર બનેલો અમદાવાદ જિલ્લો ૨.૪નો CFR ધરાવે છે, જે ૨૫૦૦થી વધુ કોરોના મૃત્યુ ધરાવતા દેશના ટોચના ૧૦ જિલ્લામાં પહેલા સ્થાને છે.

કોરોના મહામારીમાં ગત ૨૦ એપ્રિલ સુધીમાં ગુજરાતમાં ૫૬૧૫ મોત થયાં હોવાનું સરકારી આંકડા બતાવે છે. આમાંથી ૨૬૬૭ એટલે કે ૪૭.૫૦% મોત તો એકલા અમદાવાદ જિલ્લામાં જ થયાં છે. હજી આ તો સરકારી આંકડા છે, બાકી અમદાવાદ શહેર લાશોના ઢગલા પર બેઠું છે અને સ્મશાનોમાં અત્યારે કેટલું વેઈટિંગ ચાલે છે એ કોઈ નથી જાણતું. રોજેરોજ છાપાંમાં પાનેપાનાં ભરીને બેસણાંની જાહેરાતો આવે છે અને કોરોના પોઝિટિવ કેસ હોવા છતાં મૃત્યુ સમયે રિપોર્ટ નેગેટિવ હોવાનું કહીને કેસને કો-મોર્બિડમાં ગણાવાય છે એ અલગ ચર્ચાનો વિષય છે, પરંતુ અહીં આપણે ફક્ત સરકારી આંકડાની વાત કરીએ તોપણ રાજ્યમાં કોરોનાથી થતાં કુલ મૃત્યુમાંથી અડધોઅડધ મોત એકલાં અમદાવાદમાં જ થાય છે.

ગુજરાત માટે ૨૦૨૦નું વર્ષ કોરોનાની દૃષ્ટિએ ચોક્કસપણે પડકારરૂપ હતું અને એ સમયે નવી મહામારીને કારણે મૃત્યુદર પણ ઊંચો હતો. એપ્રિલ-૨૦૨૦થી ગુજરાતમાં કૂદકે ને ભૂસકે કેસ વધવા લાગ્યા અને સાથે મોર્ટાલિટી રેટ પણ વધવા લાગ્યો. મે-૨૦માં ગુજરાતમાં ૧૨૩૮૯ નવા કેસ સાથે ૮૨૪ મૃત્યુ નોંધાયાં હતાં, જેને પગલે ૬.૬%નો ડેથ રેશિયો નોંધાયો હતો. ત્યાર બાદ મોર્ટાલિટી રેટ ઘટવા લાગ્યો અને જૂનમાં ૫.૧% (૮૧૦ મોત), જુલાઈમાં ૨.૧% (૫૯૩ મોત), ઓગસ્ટમાં ૧.૭% (૫૮૧ મોત) અને સપ્ટેમ્બરમાં ૧.૧% (૪૩૧ મોત) નોંધાયો હતો. જોકે એપ્રિલમાં ૨૦મી તારીખ સુધીમાં જ ગુજરાતમાં ૧૦૯૬ મોત થઈ ચૂક્યાં છે, પરંતુ એની સામે કેસ પણ વધીને ૧૨૦૪૮૦ થઈ ગયા હોવાથી મોર્ટાલિટી રેટ ૧ની નીચે (૦.૯%) નોંધાયો છે, પરંતુ વધતા મૃત્યુઆંક સાથે એ એપ્રિલના અંત સુધીમાં ૨%ને પાર કરી શકે છે.

ભારત સરકારના જ કોવિડ-૧૯ના આંકડાઓ રજૂ કરતી વેબસાઈટ અનુસાર, દેશમાં ૨૫૦૦થી વધુ મોત થયાં હોય તેવા ટોપ-૧૦ જિલ્લામાં ટકાવારીની દૃષ્ટિએ અમદાવાદ ટોચ પર છે. કોરોના મૃત્યુની ટકાવારી એટલે કે કેસ ફેટાલિટી રેશિયો (CFR)ના માપદંડ અનુસાર, અમદાવાદમાં અત્યારસુધીમાં ૧.૧૧ લાખ કેસ સામે ૨૬૬૭ મોત થઈ ચૂક્યા છે, જે ૨.૪નો (CFR) દર્શાવે છે. મુંબઈ (૧૨૪૪૬ મોત) અને દિલ્હી (૧૨૬૩૮ મોત) ભલે મૃત્યુઆંકની દૃષ્ટિએ અમદાવાદ કરતા જોજનો આગળ હોય છતાં કોરોના કેસની સરખામણે મૃત્યુની ટકાવારીની દૃષ્ટિએ અમદાવાદની સ્થિતિ આખા દેશમાં જિલ્લા તરીકે સૌથી ખરાબ છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૩-૦૪-૨૦૨૧, શુક્રવાર, ચૈત્ર સુદ-૧૧, સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૦૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક(ડ.હ.) , નક્ષત્રઃ આશ્લેષા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# દૈનિક રાશીફળ

તા.૨૩.૦૪.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- નવી યોજનાઓમાં અનુકુળતાઓ વધવાની છે સંસ્થામાં સારો હોદો મળે. આત્મવિશ્વાસ વધારવો.

વૃષભ(બ.વ.ઉ.) :- મિત્રો સાથે મતભેદો ટાળજો. સાહસિકો એ થોડી ધીરજ રાખવી વિદેશ જવાની તક માટે સારો સમય.

મિથુન(ક.છ.ઘ.) :- શેર સટ્ટામાં લાભ નિર્ણયો બાબત સતર્કતા જરૂરી નોકરીમાં અનુકુળતા સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય.

કર્ક(ડ.હ.) :- માતુશ્રીનો સહકાર રહે. વિદેશ જવાની ઈચ્છા ફળવાની જમીન-મકાનના કાર્યોમાં અનુકુળતા કર્જ કરવાથી જાળવવું.

સિંહ(મ.ટ.) :- પરિવારના ઉત્સાહ વધવાનો, નોકરીમાં નવી ઓફર બાબત ઉતાવળ ન કરવી અપરણીતોને સફળતા રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- નાણાકીય પ્રશ્નો ઉભા થાય. પરિવારના સભ્યોનો સાથે સહકાર મેળવવો. નકારાત્મક વિચારોથી દૂર રહેજો.

તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન ભાગીદારી યોજના બાબત સફળતા સગાઈ લગ્નના કાર્યોમાં મનગમતું પાત્ર મલે મિત્રોથી લાભ.

વૃશ્ચિક(ન.ય.) :- દિવસ ઉત્સાહ વાળો રહે. છતાં નિર્ણયો બાબત સજાગ રહેજો મોસાળથી લાભ નોકરીમાં બદલીના લાભ.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- શેર સટ્ટામાં ધ્યાન પડે. વિજાતીય મિત્રતા ગાઢ બને. નકામા વિચારો ટાળજો અંધશ્રધ્ધાથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- દિવસ દરમ્યાન કાલ્પનીક ભય રહે. રહેણાંક ના મકાનના પ્રશ્નોમાં ધ્યાન દેવું ઉતાવળા નિર્ણયો ન લેવા.

કુંભ(ગ.શ.સ.) :- અચાનક યાત્રા પ્રવાસનો યોગ ઉભો થાય ભાઈ-બહેનો સાથે સુમેળ વધે. રાજકીય રીતે ન ધારેલો લાભ રહે.

મીન(દ.ચ.ઝ.) :- પરિવારના પ્રશ્નો માં ધ્યાન દેવુ પડે. આર્થિક બાબતોને લઈને ટેન્સન રહે. સંતાનો સાથે સુમેળ રાખવો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદમાં કોરોનાની સદી : કુલ મૃત્યુઆંક ૧૮૪



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે કોરોનાએ સેન્ચુરી પાર કરી દીધી છે. આજે એકજ દિવસમાં ૧૦૦ કોરોના પોઝીટીવ કેસો નોંધાવાં પામ્યાં છે. દાહોદ જિલ્લાની પરિસ્થિતિ દિનપ્રતિદિન કોરોના સંક્રમણ મામલે વણસી રહી છે. રોજે રોજ કોરોના સંક્રમણના કેસોમાં બમણો વધારો થતાં જોવા મળી રહ્યો છે અને તે સાથે દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારો કોરોના સંક્રમણથી અત્યંત પ્રભાવિત હોવાનું પણ કહેવાઈ રહ્યું છે. આજે કોરોનાથી કુલ ૦૮ દર્દીઓના મોત થયાં છે. આર.ટી.પી.સી.આર.ના ૧૧૮૨ પૈકી ૬૨ અને રેપીટ ટેસ્ટના ૨૩૦૨ પૈકી ૩૮ મળી આજે કોરોનાએ દાહોદ જિલ્લામાં સદી ફટકારી દીધી છે. આ ૧૦૦ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૬, દાહોદ ગ્રામ્યમાંથી ૧૮, ઝાલોદ અર્બનમાંથી ૧૦, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૮, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૪, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૪, લીમખેડામાંથી ૦૩, સીંગવડમાંથી ૦૧, ગરબાડામાંથી ૧૧, ધાનપુરમાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૫ અને સંજેલીમાંથી ૦૪ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૮ દર્દીઓએ કોરોનાથી દમ તોડતાં જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી કુલ મૃત્યુ આંક ૧૮૪ ને પાર કરી ચુંક્યો છે. આજે એક સાથે ૪૮ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી જ્યારે વધતાં કેસોને કારણે એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૫૯૪ થઈ ગઈ છે.

| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-૧૬ |
| ઝાલોદ-૧૦ |
| દે.બારીઆ-૦૪ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-૧૮ |
| ઝાલોદ-૧૮ |
| દે.બારીયા-૦૪ |
| લીમખેડા-૦૩ |
| સીંગવડ-૦૧ |
| ગરબાડા-૧૧ |
| ધાનપુર-૦૨ |
| ફતેપુરા-૦૫ |
| સંજેલી-૦૪ |
| સક્રિય કેસ-૫૯૪ |
| રજા અપાઈ-૪૭ |
| મૃત્યુ આંક-૦૮ |

## દાહોદ જીલ્લામાં સગીરા એ પુખ્ત કન્યાઓનો અપહરણનો આંક વધતા રોકવા કડક કાર્યવાહીની માંગ

દાહોદ,

દાહોદ જિલ્લામાં સગીરાઓ સહીત પુખ્ત વયની કન્યાઓના ચિંતાજનક રીતે વધતા જતા અપહરણ બનાવો : અપહરણનો ભોગ બનાવાતી સગીરાઓને અણસમજનો ગેરલાભ અને પુખ્ત વયની કન્યાને બ્રેઈનવોશ કરી અપહરણનો ભોગ બનાવતા અસામાજિક તત્વો સામે કાયદાકીય અને સામાજિક રીતે કડક કાર્યવાહી કરવા માંગ


હાલના સમયમાં દાહોદ જિલ્લાના તાલુકાઓમાંથી સગીર વયની કિશોરીઓ તથા પુખ્ત વયની કન્યાઓના વધતા જતા અપહરણના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. અપહરણના બનાવો ઉપર અંકુશ લાવવા કાયદાકીય રીતે અપહરણકાર સહિત તેમાં મદદગારી કરનાર તત્વો સામે કાયદાકીય રીતે કડકમાં કડક કાર્યવાહી કરી સગીરાઓ અને પુખ્ત ઉંમરની કન્યાઓનો ઉઠાવાતો ગેરલાભ અટકાવવા સમગ્ર સમાજ દ્વારા અપહરણકાર તથા તેના મદદગારો સામે સમાજમાં દાખલો બેસી શકે તેવી શિક્ષા મળે તેના માટે કાયદાનો સહારો લઈ જાગૃતિ બતાવવાની જરૂરત છે.

દિન-પ્રતિદિન દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માંથી સગીરાઓ,પુખ્ત ઉંમરની કન્યાઓ સહીત મહિલાઓના અપહરણ અને કેટલાક કિસ્સાઓમાં બળાત્કારના બનાવો બનતા હોવાનું પ્રકાશમાં આવે છે.જેમાં કેટલાક કિસ્સાઓ પોલીસ સ્ટેશન સુધી પહોંચતાંજ નથી.અને જે કિસ્સાઓ બહાર આવે છે તેમાં અપહરણ કે બળાત્કારનો ભોગ બનેલ પીડિતાના પરિવારને શામ,દામ,દંડ અને ભેદની નીતિ અપનાવી વચેટીયાઓ દ્વારા સમાધાન કરાવી લેવાતું હોય ગુનેગારોને મોકળું મેદાન મળી રહેતા આવા કિસ્સાઓમાં ચિંતાજનક રીતે વધારો થતો જઈ રહ્યો છે.

અહીંયા નોંધનિય બાબત છે કે, જે સગીરાઓના અપહરણ થાય છે,તેમાં અપહરણકારો દ્વારા લલચાવી પટાવી-ફોસલાવી તેમની અણસમજનો ગેરલાભ ઉઠાવી,જ્યારે જે પુખ્ત વયની કન્યાઓના અપહરણ થાય છે કેટલા કિસ્સાઓને બાદ કરતા મોટાભાગના કિસ્સાઓમાં કન્યાને અપહરણકાર તથા તેના મદદગારો દ્વારા બ્રેઈનવોશ કરી તેમજ લોભ-લાલચ આપી તેમનું અપહરણ કરવામાં આવતું હોય છે અને આવી કન્યાઓને કન્યાના પરિવાર વિરુદ્ધ માનસિક રીતે ગેરમાર્ગે દોરી અપહરણ કરી જતા હોય છે. સમાજવિરોધી પગલું ભરી લગ્ન કરી લેતા કેટલાક કિસ્સાઓને બાદ કરતા મોટા ભાગે આવા ભાગેડુ યુગલનો અધવચ્ચે જતા ઘર સંસાર તૂટવાના અનેક કિસ્સાઓપણ જોવા અને જાણવા મળે છે.

મોટાભાગના અપહરણના બનતા બનાવોમાં પરિવારથી વિમુખ જઈ જે છોકરો,છોકરીને બ્રેઈનવોશ કરી છોકરીના માનસપટ ઉપર છોકરીના પરિવાર સામે ગેરસમજ ઊભી કરી તેનો ગેરલાભ ઉઠાવી અપહરણ કરી જતા હોય છે. જે પૈકી કેટલાક છોકરાઓ મોટાભાગે પરિવાર અને સમાજ દ્વારા તિરસ્કૃત થયેલા હોય છે. તેમજ સમાજમાં તેમની કોઈ ગણતરી ના હોય તેમજ તેવા લોકોના ઘરમાં કોઈ કન્યા આપવા તૈયાર ન હોય તેવા લોકો મોટાભાગે છોકરીઓને લલચાવી-ફોસલાવી, હથેળીમાં ચાંદ બતાવી અપહરણ કરી જતા હોય છે. અને આવા કિસ્સાઓમાં મુખ્યત્વે અપહરણમાં અપહરણકારને પીઠબળ પૂરું પાડી મદદગારી કરનાર મદદગારોનો મુખ્ય ફાળો હોય છે.અને તેવા મદદગારો કાયદાની ચુંગાલ માંથી ક્યારેય છૂટવાના પણ જોઈએ નહીં. અને સમાજે પણ આવા અસામાજિક તત્વોનો બહિષ્કાર કરવો જોઈએ.

## દાહોદમાં આજે કુલ ૧૯ લોકોના મૃત્યુ થતાં તેઓના અંતિમ સંસ્કાર કરાયાં : જેમાં ૧૬ મૃતકોના ગાઈડલાઈન મુજબ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા



દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોનાના કેસો ચરમસીમાએ પહોંચ્યા છે. જેને દાહોદ શહેર સહીત જિલ્લામાં ભયાનક પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.અને તેમાંય મૃતકોના આંકડાઓ પણ વધતા જોવા મળતા ચોંકાવનારા આંકડાઓ બહાર આવી રહ્યા છે. ત્યારે આજે જાણવા મળ્યા પ્રમાણે દાહોદ શહેરના હિન્દુ મુક્તિધામ ખાતે કુલ ૧૯ લાશોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.જે પૈકી ૧૬ લાશોના કોવીડની ગાઈડ લાઈન મુજબ અંતિમવિધિ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.ત્યારે બીજી તરફ આરોગ્યતંત્ર દ્વારા સત્તાવાર આંકડામાં આજે ૧૧ મૃતકોની સંખ્યા દર્શાવાય છે. આમ જોતા વિતેલા ૪૮ કલાકમાં દાહોદના મુક્તિધામમાં એક દફનવિધિ સહિત પર લોકોના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જે પૈકી ૩૯ જેટલા મૃતકોના કોવીડની ગાઈડલાઈન મુજબ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના દિનપ્રતિદિન વકરી રહ્યો છે. દાહોદની સરકારી હોસ્પિટલો સહિત ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓનો રાફડો ફાટયો છે.જયારે આજે પણ દાહોદ જિલ્લામાં સરકારી આંકડા મુજબ રેકોર્ડ બ્રેક ૯૮ કોરોનાના દર્દીઓનો ઉમેરો તેમજ ૧૧ લોકોના મોત અંગેના આંકડા દર્શાવવામાં આવ્યા છે. જ્યારે આવી પરિસ્થતિમાં પોતાના સ્વજનો દ્વારા કોરોનાના દર્દીઓને આ દવાખાનેથી પેલા દવાખાને લઈ જતા પણ નજરે પડી રહ્યા છે. કોરોનાની પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક હોવાનું પણ તજજ્ઞો દ્વારા કહેવાયું છે.ત્યારે મળતી માહિતી પ્રમાણે દાહોદના હિન્દુ સ્મશાન ગૃહ ખાતે આજે એક જ દિવસમાં ૧૯ લોકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૬ જેટલાં કોરોનાથી મૃત્યુ પામેલ વ્યક્તિઓના અંતિમ સંસ્કાર સંપૂર્ણ કોરોના ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવ્યા હતા.

## દાહોદમાં આજથી સ્વૈચ્છિક લોકડાઉનમાં સૌ કોઈને જોડાવા અપીલ કરતા કલેક્ટર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોના સામેની લડાઈમાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા થઈ રહેલા પ્રયાસોમાં વેપારીઓ દ્વારા સપ્તાહમાં ત્રણ દિવસ સ્વયંભૂ બંધ રાખવાના નિર્ણયની કલેક્ટર વિજય ખરાડીએ સરાહના કરી છે અને આશાવાદ વ્યક્ત કર્યો છે કે, નગરપાલિકાની અપીલને પગલે સપ્તાહમાં શુક્રવાર, શનિવાર અને રવિવાર, એમ ત્રણ દિવસ વેપારી પ્રવૃત્તિ બંધ રહેવાના કારણે બજારોમાં ભીડ ઓછી થતાં કોરોના વાયરસના સંક્રમણની રફતાર ઘટશે.

કલેક્ટર ખરાડીએ જણાવ્યું કે, દાહોદ નગર ઉપરાંત જિલ્લામાં તમામ મોટા ગામો અને નગરોમાં વેપારીઓ કોરોના સામેની લડાઈમાં સ્વયંભૂ જોડાઈ રહ્યા છે. વેપારીઓનું આ કદમ આવકારદાયક છે. બજારોમાં ત્રણ દિવસ ભીડ બંધ રહેતા કોરોના વાયરસનું સંક્રમણ ઓછું થવાની પૂર્ણ શક્યતા છે.

તેમણે એમ પણ કહ્યું કે, સૌએ એ વાત સમજી લેવાની જરૂર છે કે કોરોના સામેની લડાઈ નાગરિકોના સહયોગ વિના જીતી શકાય એમ નથી. રાજ્ય સરકાર દ્વારા અપાયેલી સૂચનાના આધારે દાહોદ જિલ્લા વહીવટી તંત્રએ કોરોના વાયરસના રોકવા માટે અનેક ઉપચારાત્મક પગલાં લીધા છે.

હજુ પણ કેટલાક ગામોની બજારોમાં અનિયંત્રિત પ્રકારની ભીડ જોવા મળે છે. આવી બજારોમાં કામ કરતા વેપારીઓને અપીલ છે કે, તેઓ પણ કોરોના સામેની લડાઈ જોડાવા માટે સામેથી આગળ આવે. નિર્ણય લેવાનો આ સમય છે. બાકીના દિવસોમાં પણ વેપારીઓ પોતાની દૂકાનો ઉપર સાવચેતીના કદમ લે એ જરૂરી છે. ગ્રાહકોમાં સામાજિક અંતરનું પાલન થાય, માસ્ક પહેરવાનું ફરજિયાત છે. આ ઉપરાંત વેપારીઓ પણ સમયાંતરે પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે તે હિતાવહ છે.

## ગરબાડા રામનાથ મહાદેવ મંદિર પાછળ નો કચરા ડેપો અન્ય સ્થળે ખસેડવામાં ગ્રામ પંચાયતનો પનો ટૂંકો પડ્યો

ગરબાડા,

ગરબાડાના રામનાથ મહાદેવ મંદિર ની પાસે ગામ પંચાયત દ્વારા વર્ષોથી રોજના બે થી ત્રણ ટ્રેક્ટર ગામનો કચરો ઠાલવવામાં આવી રહ્યો છે . જે બાબતનો વિરોધ કરતા ગ્રામજનોએ અહીંયાંથી કચરાનો ડેપો હટાવી અન્ય કોઈપણ જગ્યાએ ખસેડવા માટે ગરબાડા સરપંચને આવેદન આપ્યા બાદ પણ પરિણામ ન મળતા ગ્રામજનોએ આ બાબતે ગરબાડા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને પણ લેખિતમાં રજૂઆત કરી હતી જે વાતને છ મહિના જેટલો સમય વિતવા છતાં પણ પરિણામ શૂન્ય છે જે જોતા ગ્રામ પંચાયતના વહીવટ કર્તાઓ ને માત્ર મલાઈદાર કામમાં જ રસ છે બાકીના કામોમાં તેમ લાગી રહ્યું છે બાકી ગામના કોઈ કામમાં તેઓને રસ નથી. અને તેઓનો પનો ટૂંકો પડતું હોવાનો જોવા મળી રહ્યું છે આવનાર સમયમાં આ સમસ્યા વધુ વિકરાળ બને તે પહેલા ગામ થી બહાર થોડે દૂર આ કચરો નખાય તેવી વ્યવસ્થા કરાઈ તે જરૂરી બાબત બની છે . કચરાના કારણે ધાર્મિક લાગણી દુભાવવાની સાથે સાથે આ વિસ્તારમાં દુર્ગંધ પણ આવે છે . ગામ પંચાયત દ્વારા મંદિરની પાસે જયાં કચરા ડેપો છે ત્યાં રૂપિયા ૫ લાખના ખર્ચે કોટ બનાવી દેવામાં આવ્યો છે એક તરફ કચરા ડેપો મંદિર પાસેથી હટાવવાની રજૂઆતો કરવામાં આવી રહી છે ત્યારે ત્યાં આગળ પાંચ લાખના ખર્ચે કોટ કેમ બનાવવામાં આવ્યો તેમ સરપંચ અશોકભાઈને પૂછતા તે જગ્યા એલીડી પ્લાન્ટ માટે ભાડે આપવાની હોવાથી ત્યાં કોટ બનાવ્યો હોવાનું તેઓએ જણાવ્યું હતું પરંતુ આજે પાંચ થી છ મહિના વિતવા છતાં નથી તો કચરો ડેપો હટાવવામાં આવ્યો નથી તે જગ્યા કોઈને ભાડે આપવામાં આવી મંદિર પાસેના કચરા ડેપો વહેલી તકે અહીંયા થી હટાવાય તે જરૂરી બાબત બની છે.

## સુરતથી અલ્હાબાદ જતી પ્રાઈવેટ બસમાં મુસાફરી કરતા બિહારના મુસાફરનું દાહોદ નજીક મોત

દાહોદ,

સુરતથી અલ્હાબાદ જવા માટે નીકળેલી પ્રાઈવેટ બસમાં મુસાફરી કરતા મુસાફરનુ અવસાન થયા બાદ તે કોરોના પોઝીટીવ હોવાનુ જાણી સહુ મુસાફરો ગભરાયા હતા. તા.૨૦ એપ્રિલે સાંજે સુરતથી અલ્હાબાદ માટે રવાના થયેલી બસ બીજા દિવસે સવારે દાહોદ નજીક અવંતિકા હોટલ પાસે ચા-નાસ્તા માટે રોકાઈ હતી. જ્યાં તમામ મુસાફરો નીચે ઉતર્યા હતા. પણ એક જ મુસાફર નહિ ઉતારતા ડ્રાઈવરે તપાસ કરતા તે મૃત હાલતમાં હોવાનુ જણાયુ હતુ. બાદમાં ખિસ્સા ચેક કરતા ખિસ્સામાંથી મોબાઈલ અને આધારકાર્ડ નીકળ્યુ હતુ. જેથી જગદિશભાઈ પાસવાન હોવાનુ જણાયુ હતુ. બાદમાં પોલીસ ફરિયાદ થતાં પોલીસે મોબાઈલના મિસ્કોલ દ્વારા તેના પુત્રો, સ્વજનોનો સંપર્ક કર્યો હતો.

## દાહોદમાં કોરોનાના દર્દીની સારવાર માટે વધુ આઠ હોસ્પિટલને મંજુરી : ૨૧૭ બેડનો વધારો થયો



દાહોદ,

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલએ દાહોદમાં કોરોનાની સ્થિતિનો તાગ મેળવવા માટે યોજેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આપેલી સૂચના બાદ દર્દીઓની સારવાર માટે વધુ આઠ હોસ્પિટલને એનરોલ કરી માત્ર બે દિવસમાં ૨૧૭ પથારીનો વધારો કરવામાં આવ્યો છે. આરોગ્ય તંત્ર દ્વારા એનરોલ કરાયેલી હોસ્પિટલની યાદી જોઈએ તો કેર, સુંદરમ (ઝાલોદ), છત્રછાયા (ગરબાડા), શ્રદ્ધા અને અમરદીપ, આર્ચા (ફતેપુરા), સમીર, ધૂન (ઝાલોદ)નો સમાવેશ થાય છે. આ હોસ્પિટલમાં ૭ આઈસીયુ બેડ, ૭૦ ઓક્સીઝન બેડ અને ૧૩૨ સામાન્ય બેડ મળી કુલ ૨૦૯ પથારીનો સમાવેશ થતો હતો. આ પૂર્વે દાહોદમાં કોરોના દર્દીની સારવાર માટે કુલ ૯૯૮ બેડ હતા. તેમાં ૨૧૭ બેડ વધતા હવે કુલ પથારીની સંખ્યા ૧૨૧૫ થઈ હોવાનું ડો. કેવલ પંડ્યાએ જણાવ્યું છે.

ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગમાં ૧૦૦ ઓક્સીઝન બેડ તૈયાર કરવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આયોજન પ્રમાણે કામગીરી ચાલે તો બેત્રણ દિવસમાં આ બેડ પણ તૈયાર થઈ જશે.

## દેવગઢ બારિયા તાલુકાના અસાયડી ગામ પાસે હાઈવે ઉપર એક ટ્રકમાં આગ લાગી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દેવગઢ બારિયા,

દે.બારીયા તાલુકાના અસાયડી ગામે અમદાવાદ ઈન્દોર હાઈવે ઉપર પસાર થતી એક ટ્રકમાં એકાએક આગ લાગતાં ટ્રક સહિત તેમાં ભરેલો માલ બળીને ખાક ડ્રાઈવરની સમય સૂચક્તાથી ડ્રાઈવરનો આબાદ બચાવ. પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકાના અસાયડી ગામે અમદાવાદ ઈન્દોર હાઈવે ઉપરથી ટ્રક નંબર એમ .પી ૦૯.૨૮૧૩ જે મોરબી થી પેપર રોલ ભરી ઉજ્જૈન તરફ જઈ રહી હતી ત્યારે બપોરના અગિયાર વાગ્યાના અરસામાં અસાયડી ગામની નજીક માંથી પસાર થઈ રહી હતી ત્યારે એન્જિનમાં એકાએક આગ ભભૂક્તા ડ્રાઈવર હેબતાઈ ગયો હતો તેને સમય સુચકતા વાપરી ટ્રક રોડની બાજુમાં ઉભી કરી દઈ તે ટ્રકમાં થી ઉતરી ગયો હતો ત્યારે આગ કેબિનમાં પ્રસરતા ટ્રકચાલકે તાત્કાલિક દેવગઢબારિયા ફાયર ફાઈટરની જાણ કરતા ફાયર ફાઈટર ઘટનાસ્થળે પહોંચે તે પહેલા ટ્રક આખી આગની લપેટમાં આવી ગઈ હતી અને ટ્રકમાં ભરેલા પેપર રોલ પણ સરગવા લાગ્યા હતા. ત્યારે આ રસ્તા ઉપરથી પસાર થતાં અન્ય વાહનો પણ વિકરાળ આગને જોઈ રોકાઈ ગયા હતા ત્યારે દેવગઢબારિયા ફાયર ફાયટરોએ આગ પર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવતા બે ટેન્કર જેટલો પાણીનો મારો ચલાવતા આગ પર કાબુ મેળવ્યો હતો ત્યારે આગમાં સંપૂર્ણ ટ્રક બળીને ખાખ થઈ ગઈ હતી ત્યારે સદ્દનસીબે આ આગમાં કોઈ જાનહાની થવા પામી ન હતી અને આ બનાવ અંગે મોડા સુધી કોઈ પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી ન હતી.

## દુરૂદ શરીફ કી ચાલીસ હદીસેં

**અલ્લાહુમ્મા સલ્લેઅલા સૈયદીના મૌલાના મોહમ્મદીન વઅલા આલે સૈયદના મૌલાના મોહમ્મદિન વબારીક વસલ્લીમ વસલ્લુ અલે હૈ.**

૧. જો ચાહે કે ઈસકે અમલ બઢે તરણું મેં વઝન ઈશકો ચાહી મેં મુઝ પર દુઆ ભેજા કરે.
૨ મુઝ પર દરૂદ ભેજના કયામત કે દિન પુલેહસિશત કે અંધેરેમે નુર હૈ.
૩. મુઝ પર કસરત સે દુરૂદ ભેજા કરો. ઈસ લીયે કબ્રમેં ઈબતેદામેં તુમ્સે મેરે બારે મેં સવાલી કીયા જાયેગા.
૪. કયામત કે દિન ઈસકે ખતરો સે જવાદા મહેફુઝ દુનિયામેં દુરૂદ પકનેલાવા હોગા.
૫. કસરત સે દુરૂદ પઢને વાલા કયામત કે દિન મુઝસે
૬. જીસકે સામને મેરા ઝિક્ર સાથે ઈસમો ચાહીયે મુઝ પર દુરૂદ ભેજે.
૭. જો મુઝ પર એક બાર દુરૂદ ભેજેગા અલ્લાહ ઉસ પર દસ બારદુરૂદ ભેજેગા. ઈસકી દસ ખતાએ માફ કરેગા. ઔર દસ દરજે બુલંદ કરેગા.
૮. જો મુઝ પર કસરત સે દુરૂદ ભેજેગા વો અર્શ કે સાયે મેં હોગા.
૯. મુઝ પર દુરૂદ શરીફ પઢના કયામત મેં નૂર હૈ.
૧૦. જો શખ્સ મુઝ પર દુરૂદ કીસી કિતાબ મેં ભેજે (લીખે) તબ તક ફરીશ તે ઈસમ પર દુરૂદ ભેજતે રહેગે. જબ તક મેરા નામ ઈસ કીતાબ મે રહેગા.
૧૧. જો શખ્સ મુઝકો સુબ્હ ૧૦ બાર ઔર શામ કો ૧૦ બાર દુરૂદ પડે કયામત કે દિન ઈસકે લીયે મેરી શફાઅત હોગી.
૧૨. જો કોઈ મુઝ પર દુરૂદ પઢતે રહો. તુમ્હારા દુરૂદ મુજકો પહોંચતા રહેતા હૈ.
૧૩. તુમ જહાં કહી કો મુઝ પર દુરૂદ પઢતે રહો. તુમ્હારા દુરૂદ મુજકો પહોંચતા રહેતા હે.
૧૪. મુઝ પર એકબાર દુરૂદ પઢના એસા હૈ જે તે સહે ખુદામેં એક ગુલામ આઝાદ કીયા.
૧૫. મુઝ પર કસરત સે દુરૂદ ભેજા કશે કે તુમ્હારે લીયે મુજીબે ચાકી હૈ.
૧૬. જબ કીસીકો મુશ્કીલ પેશ આવે તો ઉસકો ચાહીયે કે મુઝ પર કસરત સે દુરૂદ પઢે.
૧૭. મુઝ પર ઝયાદા દુરૂદ ભેજો ઈસલીયે કે તુમ્હારે લીયે ફલાહ કા ઝરીયા હૈ.
૧૮. જબ કોઈ ચીઝ ભુલ જાયે તો મુજ પર દુરૂદ પઢો. ઈન્શા અલ્લાહ મીલ જાયેગી.
૧૯. જુમ્મા કે દિન મુઝ પર કસરત સે દુરૂદ પઢો. કયુંકી જુમ્માકો તુમ્હારા દુરૂદ મુઝપર પેશ હોતા હૈ.જાયેગી.
૨૦. જો કોઈ મુઝ પર દુરૂદ ભેજતા હૈ તો મુઝ તક પહોંચ જાતા હૈ. ઔર મેં ઉસકે બદલે મેં ઉસ પર દુરૂદ ભેજતા હું.
૨૧. જો મેરે ઉપર મેરી કબ્ર કે કરીબ દુરૂદ ભેજતા હૈ મેં ઉસકો ખુદ સુનતા હું.
૨૨. મુઝ પર દુરૂદ ભેજા કરો. ઈસ લીયે તુમ્હારે લીયે યે ખુદ સુનતા હું.
૨૩. મુઝ પર દુરૂદ કરો. ઈસ લીયે કે તુમ્હારે લીયે દુવાઓ કે મેહફુઝ કરને વાલા હૈ.
૨૪. મુઝ પર દુરૂદ ભેજના તુમ્હારે રબ કી રઝા હૈ.
૨૫. મુઝ પર દુરૂદ ભેજા કયોં ઈસ લીયે કે તુમ્હારે ગુનાહો કા કફફારા હો.
૨૬. અવ્વલ અલ્લાહ ત્આલાકી હમ્દો શના કરો ફીર મુઝ પર દુરૂદ ભેજો. ઔર ફીર દુવા માંગો. નેક દુવાકે અવ્વાલો આખીર દુરૂદ પઢના મુસ્તહબ હૈ.
૨૭. જબ તક મુઝ પર કોઈ દુરૂદ ભેજતા રહેગા ફરીશ્તે ઈસ આદમી પર દુરૂદ પઢતે રહેગે.
૨૮. જો શખ્સ મુઝ પર ૧૦૦ મરતબા દુરૂદ ભેજતા હૈ. તો અલ્લાહ ત્આલા ઈસ શખ્સ કો કયામત કે દિન શહીદો કે સાથ મકામ અતા કરેગા.
૨૯. જો કોઈ મુઝ પર દુરૂદ પઢતા હૈ. અલ્લા ઈસકી ૧૦ ખતા એ માફ કરતા હૈ.
૩૦. જો મુઝ પર દુરૂદ પઢતા હૈ મેં ઈસકે લીયે દુવા કરતા હું.
૩૧. જો મુઝ પર એક હજાર મરતબા દુરૂદ પઢેગા જબ તક જન્નતમેં અપના મકામ ના દેખ લેગા ઉસ વકતા ઈન્તકાલ નહી હોગા.
૩૨. જો મુઝ ૧૦૦૦ મરતબાકો દુરૂદ પઢે ઈસ દિન ઔર ઈસ રાઝ કે અંદર અલ્લાહ ઈસકે ગુન્હા માફ કર દે.
૩૩. જો દુરૂદ પઢતા હૈ ઈસકે લીયે એક તિરાત બરાબર સવાબ દીયા જાતા હૈ. ઔર એક તિરાત ઓહદ પહાડ કે બરાબર.
૩૪. તુમ મુજ પર અપને નામ ઔર સલામતો કે સાથ પેશ દીયે જાઓગે લેહાઝા મુઝ પર ખુબ અચ્છી તરહ દુરૂદ પઢા કરો.
૩૫. જીસકે લીયે વે ખુશીકા બાઈસ હો કે રોઝે કયામત અલ્લાહ તબાઅ સે દુરૂદ પડે.
૩૬. ફરાઈઝ કો પુરી તરહ અદા કરો. યે બીસ મરતબા જેહાદ સે અફઝલ હૈ ઔર મુઝ પર દુરૂદ પઢના તમામ ઉમકિ બરાબર હૈ.
૩૭. જુમ્મા કે દિન જીસને દુરૂદ પઢાતો કયામત કે રોજ ઈસ હાલ મેં આયેગા ઈસકે સાથે અઝીમુશ્શાન નુર હોગા. જો તમામ મખલુક મેં તકસીમ કર દીયા જાયે તો ઈન્હે કીફાયત દીયે જાયે.
૩૮. જીસ શખ્સને કે મુઝ પર જુમ્મા કે દિન ૧૦૦ બાર દુરૂદ પઢાતો દો સાલ કે બરાબર ગુન્હા માફ કર દીયે જાયેગે.
૩૯. જીસ શખ્સ કે સામને મેરા જીર્ક આયે ઓર ફીર ઈસને મુઝ પર દુરૂદ ન પઢા તો વો જન્નત કે રાસ્તે સે બેરાહ કર દીયા ગયા.
૪૦. જો લોગ કીસી મજલીસ મેં પહેલે મુન્સર હો જાયે તો યે અંજામે બદ ઔર હસરતકા મકામ હોગા.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

## છોટાઉદેપુર ડેપોની નાઈટ બસ જે ગોધરા નાઈટમાં જાય છે તે બસ સારી કન્ડીશનની બસ આપવાની માંગ ઉઠવા પામી છે

દે.બારીયા,

સ્વચ્છ સમય બંધ અને સલામતનું સૂત્ર બસોના પાછળ લખેલું છે. તે સૂત્ર વાંચનમાં સારું લાગે છે. આ સૂત્રના મુજબ જે સમય બંધનનું છે. તે સૂત્ર છોટાઉદેપુર થી સાંજે ૫.૩૦ના સમયે ઉપડે છે. તે બસ સારી કન્ડીશનની મુકવામાં આવતી નથી. જેથી પેસેન્જરોને અપડાઉન કરતા ઘણી હાલાકીનો વારો આવે છે. છેલ્લા પંદર દિવસ થી છોટાઉદેપુરના બસ ડેપોના હેડ મીકેનીક સ્પીડમાં ધીમી ચાલતા હોવા છતાં આ ગોધરા નાઈટમાં જવાવાળી બસને જાણી સમજીને આ બગડેલ બસને ઓકે બતાવીને લોકસીટ પકડાવી દેવાતી હોય છે કે શું ? તે તપાસનો વિષય છે. આ બસમાં અપડાઉન કરતા કર્મીઓ માટે તેમજ એસ.ટી.બસના બસ ડ્રાયવરો પણ આજ બસમાં અપડાઉન છોટાઉદેપુરમાં નોકરી જવા માટે કરતા હોય છે. જેથી નવિન બસ ફાળવવામાં આવે તા.૨૧/૦૪/૨૧ બુધવારે તો બારીયામાં બ્રેકડાઉન પડતા પેસેન્જરોને ઘણી મુશ્કેલીઓનો સામનો વેઠવાનો વારો આવ્યો હતો. છોટાઉદેપુર ડેપોના હેડ મીકેનીક આ ટપાલ બસ તરીકે આઈલ ખાય છે. આ નાઈટ બસમાં બારીયાની ટપાલ આવતી બસ છે. જેથી આ બસને સારી નવિન બસ ફળવાય તેવી અપડાઉન કરતા તમામ સરકારી કર્મીઓ તથા એસ.ટી.બસના ડ્રાયવરો પણ પોતાની નોકરી છોટાઉદેપુર ડેપોમાં સમયસર પહોંચી શકે તે માટે ડેપો મેનેજર । બસ સમયસર પહોચે તે માટે નવિન બસ મુકવા માટે માંગ ઉઠવા પામી છે.

## ફતેપુરાના ભોજેલા ગામે કુવામાં બ્લાસ્ટિંગ કરવા ગયેલ ટ્રેકટર કુવામાં ખાબકતા ચાલકનુ મોત

સુખસર,

ફતેપુરા તાલુકામાં ભોજેલા ગામે કુવાની ચાલતી કામગીરીમાં બ્લાસ્ટ કરવા ગયેલ ટ્રેકટર કુવામાં ખાબકતા ચાલકનુ મોત થયુ હતુ.

ફતેપુરા તાલુકાના ભોજેલા ગામના મછાર ફળિયા ખાતે રહેતા અંબાલાલ માલાભાઈ કટારા કુવામાં બ્લાસ્ટ કરી પથ્થરો તોડવાની જરૂરત ઉભી થતાં ડ્રીલીંગ મશીનની જરૂરત હોય ટ્રેકટરવાળાનો સંપર્ક સાધ્યો હતો. જેથી રાજસ્થાનથી આવેલ ડ્રીલીંગ મશીન સાથેના ટ્રેકટરનો ચાલક ભોજેલા ગામે ડ્રીલીંગ મશીનનુ ટ્રેકટર લઈને પહોંચી ગયો હતો. આ ડ્રીલીંગ મશીન સાથેના ટ્રેકટરને કિનારી ઉપર મુકતા જ કુવાના કિનારાની માટી ધસી પડતા ચાલક કુવામાં ખાબકયો હતો જેમાં ચાલક ટ્રેકટર નીચે દબાઈ જતાં દવાખાનામાં લઈ જવામાં આવતા જયાં સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 204

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા સિવિલ હોસ્પિટલમાં ધુળ ખાતા સીટી સ્કેન મશીનને કાર્યવંત કરાશે ?




- કોરોના મહામારીમાં સીટી સ્કેન દર્દીઓ માટે આર્શીવાદરૂપ.
- દાહોદમાં કોરોનાની સમીક્ષા કરવા પહોંચેલ સી.એમ.ની જાહેરાત બાદ ૨૪ કલાકમાં સીટી સ્કેનના મશીનની સુવિધા શરૂ.
- ૨૦૦૭ના વર્ષમાં તત્કાલીન આરોગ્ય મંત્રીના હસ્તે સીટી સ્કેન મશીનનું લોકાર્પણ કરાયું.
- સીટી સ્કેન મશીનની વ્યવસ્થા હોવા છતાં બિનઉપયોગી નિષ્ણાંત તબીબની નિમણૂંક કરાશે ખરી.

ગોધરા,

કોરોના મહામારીમાં કોરોના સંક્રમણની તપાસ માટે સીટી સ્કેન કરાવવું જરૂરી બને છે. ખાનગી લેબમાં સીટી સ્કેન માટે ૩ હજાર જેટલી ફી આપવી પડતી હોય છે. ગરીબ અને મધ્યમવર્ગના દર્દીને પોસાતી નથી. હાલમાં રાજ્યના મુખ્યમંત્રી દ્વારા દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં સીટી સ્કેન મશાનીની જાહેરાતના બીજા દિવસે દર્દીઓને સીટી સ્કેનની સગવડ ઉભી કરી દેવામાં આવી છે. જ્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લા સરકારી હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન હોવા છતાં બંધ હાલતમાં હોવાથી દર્દીઓને લાભ લઈ શકતા નથી. તેમા પણ સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓ સીટી સ્કેન મશીન કાર્યવંત થાય તેવા કોઈ પ્રયત્ન કરવામાં આવ્યા નથી. જો ગોધરા સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન શરૂ કરવામાં આવે તો કોરોનાકાળમાં ગરીબ અને મદયમવર્ગના દર્દીઓને આર્થિક રાહત થાય તેમ છે.

પંચમહાલ જીલ્લા કોરોના મહામારીના પ્રકોપ વધુ જોવા મળી રહ્યો છે. કોરોનાની બીજી લહેર જીલ્લા માટે ઘાતક બની છે. કોરોના સંક્રમણના કેસ પ્રતિદિન ખૂબ વધી રહ્યા છે. બીજા સ્ટ્રેનના કોરોના સંક્રમણમાં ફેફસાને ભારે અસર થતી હોય છે. દર્દીઓને ઓકસીજનની કમી જેવી ફરિયાદો વધુ જોવા મળી રહી છે. ત્યારે કોરોના સારવાર માટે કોવિડ હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓને સીટી સ્કેન કરવાની જરૂરીયાત ઉભી થાય છે. સીટી સ્કેન માટે ખાનગી લેબનો સહારો લેવા પડે છે. ખાનગી લેબમાં સીટી સ્કેન માટે ૩૦૦૦ રૂપીયા જેવી ફી ચુકવવી પડે છે. જેને લઈ દર્દીઓને આર્થિક નુકશાન થઈ રહ્યું છે. દાહોદ જીલ્લામાં કોરોના મહામારીના પ્રકોપને લઈ રાજ્યના મુખ્યમંત્રી દાહોદની મુલાકાત લઈને કોરોના મહામારીની સમીક્ષા કરીને કોરોનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઝાયડસ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીનની સુવિધા ઉભી કરવાની જાહેરાત કરવામાં આવી હતી અને બીજા દિવસે સીટી સ્કેન મશીન શરૂ કરવામાં આવતાં કોરોનાના દર્દીઓ માટે રાહત થઈ છે. જ્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લાની સૌથી મોટી સરકારી સિવિલ હોસ્પિટલ આવેલ છે. આ હોસ્પિટલમાં સામાન્ય દિવસોમાં પણ વિવિધ બિમારી થી પીડાતા દર્દીઓનો ધસારો રહેતો હોય છે. જેને લઈને સિવિલ હોસ્પિટલમાં રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા સીટી સ્કેન મશીનની સુવિધા ઉભી કરવામાં આવી હતી અને રાજ્યની તત્કાલીન આરોગ્ય મંત્રી અશોક ભટ્ટના હસ્તે નગારા સાથે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલમા સીટી સ્કેન મશીનનો મુકવામાં આવ્યું હતું. નિષ્ણાંત તબીબની જગ્યા ભરવામાં આવી નહી. જેને લઈ ગોધરા સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન શોભાના ગાંઠીયો બનીને રહ્યું છે. હાલ કોરોના મહામારીના સમયમાં સિવિલ હોસ્પિટલમાં આવેલ સીટી સ્કેન મશીન ચાલુ હોત તો કોરોના દર્દીઓ માટે આર્શીવાદ સ્વરૂપ સાબિત થઈ શકતું હતું અને ખાનગી લેબમાં સીટી સ્કેન માટે તગડી ફી માંથી રાહત થતી પરંતુ પંચમહાલ જીલ્લામાં સિવિલ હોસ્પિટલના સત્તાધિશો હોય કે પછી પ્રજાના પ્રતિનિધિ ધારાસભ્યો, સંસદ સભ્યોને ગોધરા સિવિલ હોસ્પિટલમાં આવેલ સીટી સ્કેન મશીન કાર્યરત કરવામાં રસ લીધો નથી અને સીટી સ્કેન મશીન કાર્યવંત કરવામાં રસી લીધો નથી અને સીટી સ્કેન મશીન માટે નિષ્ણાત તબીબની કાયમી જગ્યા ભરવાની રજુઆત કરી નથી. હાલ કોરોના મહામારીના ઘાતક પ્રકોપ વચ્ચે જો સ્થાનિક નેતાઓ પ્રજાહિતને દયાનમાં રાખીને સિવિલ હોસ્પિટલમાં આવેલ સીટી સ્કેન મશીન ચાલુ થાય તેવા પ્રયત્ન કરે તો કોરોના સંક્રમિત દર્દીઓને સગવડ મળી શકે તેમ છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન બંધ હાલતમાં છે. તે બાબતે વિધાનસભામાં અવારનવાર રજુઆત કી છે. તેમ છતાં ધ્યાન આપવામાં આવ્યું નથી. ૨૦૦૭ના વર્ષ થી સીટી સ્કેન મશીન ફળવાયું ત્યારબાદ ઉપયોગ થયો નથી. જેને લઈ હાલમાં સીટી સ્કેન મશીન ચાલુ કરવા પાછળ ૧૫ લાખ જેટલો ખર્ચ થાય તેમ છે. ત્યારે રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલના સીટી સ્કેન મશીનને કાર્યવંત કરવા માટે કાર્યવાહી કરે તે જરૂરી છે.

સી.કે.રાઉલજી, ધારાસભ્ય, ગોધરા

## ગોધરા સિવિલમાં સીટી સ્કેન મશીન છતાં બિનઉપયોગ

ગોધરા સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન હોવા છતાં તબીબના અભાવે ધુળ ખાઈ રહ્યું છે. સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન કાર્યવંત કરાવવામાં સિવિલ હોસ્પિટલના સત્તાધિશો દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા હોય તેમ લાગતું નથી. પરંતુ આપણી કમનસીબ છે કે સરકારી હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન ધરાવે છે. છતાં ને ચાલુ છે કેમ તેની સુજજ લેવાની તસ્દી પ્રજાના પ્રતિનિધીઓ દ્વારા લેવામાં આવી નથી. બે દિવસ પહેલ દાહોદ ખાતે કોરોના મહામારીની સમીક્ષા કરવા પહોંચેલ મુખ્યમંત્રી દ્વારા દાહોદ જીલ્લાવાસીઓની સુવિધા માટે સીટી સ્કેન મશીનની જાહેરાત કરવામા આવી હતી અને બીજી દિવસ તેની સુવિધા લોકોને મળતી થઈ છે. ત્યારે ગોધરા સિવિલમાં ૨૦૦૭ થી સીટી સ્કેન મશીન ધરાવે છે. તે કાર્યવરંત કરવા મટરો તસ્દી લેવામાં આવી નથી. સીટી સ્કેન કરાવવા માટે ખાનગી હોસ્પિટલમાં લેબમાં વધારે ફી આપવી પડતા બચી શકે છે.

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૮૮ કોરોના કેસ પોઝીટીવ નોંધાયા




ગોધરા,

પંચમહાલ જીલ્લા કોરોના મહામારીની બીજી લહેર ઘાતક બનીને લોકો ઉપર વરસી રહી છે. પ્રતિદિન જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાંધ ધરખમ વધારો થઈ રહ્યો છે. કોરોના સંક્રમણના કેસ વધતા આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં ૮૮ કોરોના પોઝીટીવ કેસ નોધાયા પામ્યા છે. જેમા શહેરી વિસ્તારમાં ૪૩ પોઝીટીવ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૪૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. કોરોના સંક્રમણના દર્દીઓ વધી રહ્યા છે. તેની સામે કોરોના દર્દીઓના રીકવરી રેટ ઘટી રહ્યો છે. તે આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

કોરોના મહામારીની બીજી લહેર પંચમહાલ જીલ્લામાં ઘાતક અને અજગરી ભરડો લઈ રહ્યો છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમિત કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. બીજા સ્ટેનનું કોરોના સંક્રમણ જે ગતિથી લોકો સંક્રમિત થઈ રહયા છે. જેને લઈ હોસ્પિટલોમાં બેડની વ્યવસ્થા ઘટી છે. પ્રતિદિન કોરોન કેસ વધી રહ્યા છે. તેની સામે કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓના રીકવરી રેડ ખૂબ ધીમો છે. જેને લઈ કોવિડ હોસ્પિટલમાં બેડ ઘટી રહ્યા છે. આરોગ્ય વિભાગ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના સંક્રમણ થી લોકો બચે તે માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તેવી અપીલ કરી રહયા છે. તેમ છતાં જીલ્લાવાસીઓ કોરોના સંક્રમણને ગંભીરતાથી લઈ રહ્યા નથી. જેને લઈ કોરોના સંક્રમણ વધી રહ્યું છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં ગોધરા–૧૪, હાલોલ–૧૮, કાલોલ–૧૧ જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા–૧૭, ઘોઘંબા–૧૬, હાલોલ–૦૩, કાલોલ–૦૪, મોરવા(હ)–૪, શહેરા–૪ પોઝીટીવ કેસ નોંધાયા છે. જ્યારે આજરોજ કોરોનાને માત આપીને ૪૪ દર્દીઓ સાજા થતા રજા અપાઈ છે. જીલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણને લઈ આવનાર દિવસોમાં જ આજ ગતિથી સંક્રમણ વધે તો આરોગ્ય સેવા ખોરવાઈ જાય તો નવાઈ નહિ. ત્યારે સલામત રહી એ માસ્ક પહેરી એ એકમાત્ર ઉપાય છે.

**પંચમહાલમાં આજની કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| **: શહેરી વિસ્તાર :** |
| ગોધરા-૧૪ |
| હાલોલ-૧૮ |
| કાલોલ-૧૧ |
| **: ગ્રામ્ય વિસ્તાર :** |
| ગોધરા-૧૭ |
| ઘોઘંબા-૧૬ |
| હાલોલ- ૦૩ |
| કાલોલ- ૦૪ |
| મોરવા(હ)-૦૪ |
| શહેરા-૦૧ |
| **આજના કોરોના કેસ - ૮૮** |
| **સક્રિય કેસ-૭૨૬** |
| **સાજા થતાં રજા અપાઈ - ૪૪** |

## ગોધરાના નદીસર ગામે કોરોનાના ૭ દર્દી પોઝીટીવ નોંધાયા

ગોધરા તાલુકા ના નદીસર ગામે આજે વધુ સાત કેસ કોરોના પોઝિટિવ આવ્યા હતા જેથી તમામ ને જરૂરી દવા અને સૂચના આપી હોમ આઈસો લેટ કરવામાં આવ્યા છે નજીક ના જુનિધરી ગામ માં પણ કોરોના પોઝિટિવ કેસ આવતા પંચાયત દ્વારા કડક કાર્યવાહી કરી લોકો ને કોરોના અંગે ની ગાઈડ લાઈન પાલન કરવા સમજાવવા માં આવ્યું છે આ તરફ ગોધરા ખાતે કોરોનાની સારવાર લઈ રહેલા જૂની ધરી ના એક વ્યક્તિ નું સારવાર દરમિયાન અવસાન થતા ગામ માં કોરોના ને લઈ ને ચિંતા જોવા મળી હતી. નદીસરમાં મોટા પ્રમાણ માં આવતા કેસ ના કારણે ગામ માં કડક કાર્યવાહી કરી સંક્રમણ વધુ અટકાવવા સ્થાનિક સ્તરે પંચાયત દ્વારા કાર્યવાહી કરવા માંગ ઉઠી છે જોકે લોકો દ્વારા જાણતા હોવા છતાં પણ માસ્ક અને સામાજિક અંતર ના નિયમો ની ધરાર અવગણના ગ્રામ્ય વિસ્તારોમાં આફત નોતરશે તેવા સંજોગો ને લઈ ને સૌ નાગરિકો માં ચિંતા વ્યાપી છે.

### ગોધરા બગીચા સામે પાલિકા શોપીંગ સેન્ટરની કેટલીક

# દુકાનોના પાછળના ભાગે ગેરકાયદેસર બાંધકામ : પાલિકાની નોટીસ છતાં કરાઈ રહ્યું છે બાંધકામ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

- પાલિકાની નોટીસને અવગણી ચાલતા બાંધકામને બંધ કરાવામાં આવે તે જરૂરી.
- રામ સાગર તળાવના અંદરના ભાગે દુકાનદારો દ્વારા કરાતા બાંધકામ માટે જીલ્લા કલેકટર કાર્યવાહી કરે તેવી માંગ.

ગોધરા,

ગોધરા શહેર બગીચા રોડ ઉપર આવેલ પાલિકા શોપીંગ સેન્ટરની અમુક દુકાનોના પાછળ તળાવના ભાગે કોઈપણ જાતની મંજુરી વગર દુકાનદારો દ્વારા ગેરકયદેસર દબાણો કરીને બાંધકામ કરવામાં આવી રહ્યું છે. પાલિકા તંત્રની ધ્યાનમાં આવતા નોટીસ પાઠવીને બાંધકામ અટકાવવા માટે બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમ છતાં દુકાનદારો એ પાલિકાની નોટીસની અવગણના કરીને બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું છે. એક તરફ દેશમાં એક માત્ર ગોધરાનું રામસાગર તળાવ ચારે તરફની બંધીયાળું છે. માત્ર એક તરફનો ભાગ નામ માત્ર ખુલ્લો રહેલો છે. ત્યારે અગાઉના સમગચાળામાં કોઈપણ જાતના નિયમોનું પાલન નહી કરીને તળાવની ફરતે દુકાનો ઉભી કરી દેવામાં આવી છે. તે ઓછું હોય તેમ હાલમાં પાલિકાના શોપીંગ સેન્ટરની નિયત દુકાનોની લંબાઈ વધારી દેવાનું દુકાનદારો કામ હાથમાં લીધી છે. પાલિકા તંત્ર નોટીસ આપવા છતાં બાંધકામ ચાલુ રાખેલ છે. ત્યારે હવે જીલ્લા કલેકટર દ્વારા ગોધરા શહેરના તળાવમાં થતાં વધારાના દબાણવાળા બાંધકામને બંધ રાખવાનો પ્રયત્ન કરે તે જરૂરી છે.

દેશભરમાં એકમાત્ર ગોધરા શહેરનું રામસાગર તળાવની ફરતે પાકા બાંધકામ કરેલ જોવા મળે છે. પાલિકાના તત્કાલીન સત્તાધિશો એ શહેરના વિકાસ કરવાની લ્હાયમાં તળાવની ફરતે કોઈપણ જાતના નીતિ નિયમોનું પાલન કર્યા વગર શોપીંગ સેન્ટર બાંધી દેવામાં આવ્યા હતા. શોપીંગ સેન્ટર થી તળાવના મોટાભાગ ઢંકાઈ ગયો છે. માત્ર તળાવના હોળી ચકલા ચબુતરા પાસેના એકમાત્ર ભાગ ખુલ્લો જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં શહેરી વિસ્તારોમાં આવેલ તળાવોની ફરતે બ્યુટીફિકેશન કરવા માટે લાખો રૂપીયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. તેમાં ગોધરા નગર પાલિકાનું રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન કરવાનું આયોજન પણ સામેલ હતું પરંતુ રામસાગર તળાવની ફરતે શોપીંગ સેન્ટર હોવાને લઈ રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન કામગીરી થઈ શકે તેમ નહિ. આખરે ગોધરા નગર પાલિકા દ્વારા નગર પાલિકા કચેરીની પાછળ તળાવના ભાગે બ્યુટીફિકેશન કરીને રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન કામગીરી પુરી કરી દેવામા આવી હતી. આમ તળાવની ફરતે શોપીંગ સેન્ટરને લીધે નગરજનોને વોક વે માટે મળનાર સુવિધા થી વંચિત રહ્યો છે. તળાવની ફરતે શોપીંગ સેન્ટર લઈને તળાવ પોતાની સુંદરતા ગુમાવી છે. ત્યારે આટલું ઓછું હોય તેમ નગર પાલિકાના શોપીંગ સેન્ટરમાં દુકાનો ધરાવતા દુકાનદારોને દુકાનો લાંબી કરવાનું ઘેલું લાગ્યું છે. પાલિકામાં અગાઉ થી ચાલતી પ્રથા મુજબ વિકાસ ફાળો આપીને મનમાની રીતે દુકાનદાર તળાવના અંદરના ભાગે ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ કરીને દુકાનની લંબાઈ વધારી શકે છે. તે પ્રથાનો ભાલ લેવા માંગતા બગીચા રોડ ઉપર આવેલ શોપીંગ સેન્ટરના અમુક દુકાનદારો એ પાલિકા તંત્રની મંજુરી વગર દુકાનોમાં તળાવના ભાગે દબાણ કરીને બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. પાલિકા પ્રમુખના ધ્યાનમાં આવતાં બાંધકામકર્તા દુકાનદારોને નોટીસ આપીને બાંધકામ રોકવા માટેના સુચન કરવામાં આવ્યા છે. પાલિકા દ્વારા ગેરકાયદેસર રીતે તળાવમા દબાણ કરીને કરવામાં આવતાં બાંધકામ રોકવાની નોટીસની પરવાર કર્યા વગર પણ પાલિકા શોપીંગ સેન્ટરની દુકાનો પાછળના ભાગે બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જો પાલિકા હસ્તકના શોપીંગ સેન્ટરમાં દુકાન ધરાવતા દુકાનદારો પાલિકાની નોટીસને અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવી રહ્યું છે. પાલિકા દ્વારા નોટીસ આપ્યા બાદ પણ તળાવના ભાગે દબાણ કરીને ધાબુ નાખી દેવામાં આવ્યું છે. ત્યારે જીલ્લા કલેકટર દ્વારા રામસાગર તળાવના અંદરના ભાગે દુકાનદારો દ્વારા હાલમાં જે દબાણો કરવામાં આવી રહ્યા છે. બંધ કરાવવાની કાર્યવાહી કરે તે જરૂરી છે. જો રામસાગર તળાવના અંદરન ભાગે આવી રીતે પૂરણ કરીને દબાણ થતાં રહેશે તો આવનાર સમયમાં રામસાગર તળાવ નામશેષ થાય તો નવાઈ નહિ ત્યારે જીલ્લા કલેકટર દ્વારા આ બાબતે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ નગરજનોમાં ઉઠી રહી છે.

# શહેરાના બોરડી ગામે શોર્ટ સર્કિટથી સાત ઘરોમાં આગ લાગી : ફાયર ફાયટરો એ આગ પર કાબુ મેળવ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બોરડી ગામના માછી ફળિયામાં સાત જેટલા રહેણાંક ઘરમાં અચાનક આગ લાગી હતી આગ લાગતા ધુમાડાનાં ગોટેગોટા આકાશ માં જોવા મળ્યા હતા. ઘરની અંદર રહેલ લોકો બહાર આવી જઈને બુમા બુમ કરતા આજુબાજુ માં રહેતા લોકો મદદ માટે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડ ને જાણ કરવાની સાથે સ્થાનિક લોકો દ્વારા પાણી નો મારો શરૂ કરી દીધો હતો.આગ એ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા તેવામાં ફાયર બ્રિગેડ આવી જઈને પાણીનો મારો શરૂ કરતા આગ ને કાબુમાં લીધી હતી આગ ની ઘટનામાં ઘરવખરી સહિતની ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી.સાત જેટલા ઘર માલિકે તલાટી સમક્ષ સાત ઘરોમાં પાંચ લાખથી વધુ રૂપિયા નુ નુકશાન થયુ હોવાનું જણાવ્યું હતું. જ્યારે શોર્ટ સર્કિટના કારણે ઘરમાં આગ લાગેલ હોવાનુ અનુમાન કરાઈ રહયુ છે.

શહેરા તાલુકાના બોરડી ગામના માછી ફળિયામાં રહેતા શાંતાબેન શનાભાઈ માછીના રહેણાંક નળિયાવાળા ઘરમાં બુધવારની રાત્રી એ કોઈ કારણસર આગ લાગી હતી. ઘરમાં રહેલ લોકો બહાર આવી જઈને બૂમાબૂમ કરતા આજુબાજુ મા રહેતા લોકો દોડી આવ્યા હતા. એક ઘર માં લાગેલ આગ એ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આજુબાજુ મા આવેલા હીરા ભાઈ માછી, શંકર માછી, રયજી માછી, ફૂલીબેન માછી તેમજ પ્રભુદાસ માછી સહિત રમેશભાઈના ઘરોમાં પણ આગ લાગતાં અફરા તફરી નો માહોલ સર્જાયો હતો. ઘર ની અંદર ઘાસના પૂળા હોવા સાથે સૂકા લાકડા વાળું ઘર હોવાથી આગ વધુ પ્રસરી રહી હતી. સ્થાનિક લોકો દ્વારા આગ ઓલવા માટે ની કોશિશ કરવા માડી હતી.સાથે ગામ નાં અગ્રણી દ્વારા આગ લાગી હોવાની જાણ ફાયર બ્રિગેડ કરવામાં આવી હતી. શહેરા નગર પાલિકા નુ ફાયર બ્રિગેડ આવી જતા પાણી નો મારો શરૂ કરી દેતા ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી ગઈ હતી. રહેણાંક મકાનમા લાગેલ આગ મા અનાજ, ઘર વખરી સહિત અન્ય ચીજ વસ્તુઓ બળી ને ખાખ થઈ ગઈ હતી. જ્યારે આ અંગે ની જાણ તાલુકા પંચાયત ને કરવામાં આવતા સ્થાનિક ગ્રામ પંચાયતના તલાટી અમિત ડામોર તેમજ ગામના સરપંચ ઘનશ્યામ સિંહ સલોકી સ્થળ પર પહોચી જઈ તપાસ કરી સરકાર દ્વારા મળવાપાત્ર સહાય આપવાની હૈયાધારણ આપી હતી જયારે આગમાં સમગ્ર ગુમાવનાર પરિવારજનો આક્રંદ કરતા પણ નજરે પડતા હતા. શાંતા બેન માછી,શંકર ભાઈ માછી સહિત અન્ય લોકો ના જણાવ્યા અનુસાર ઘર વખરી સહિત અન્ય ચીજ વસ્તુ મળી ને સાત ઘરો મા રૂપિયા પાંચ લાખ થી વધુ નુ નુકશાન થયું હોવાનું જણાવ્યું હતું. રહેણાંક મકાન મા શોર્ટ સર્કિટ થી આગ લાગી હોવાનુ અનુમાન કરાઈ રહયુ છે.પોલીસ દ્વારા પણ સાત રહેણાંક ઘરમાં આગ લાગવાને લઈને જરૂરી તપાસ હાથધરી હતી.

## મોરવા(હ)ના નાટાપુરા ગામે ઉભેલ ટ્રકની પાછળ બાઈક ચાલક ભરાઈ જતા ગંભીર ઈજાઓ થતા મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સંતરોડ થી મોરવા જતાં રોડ ઉપર નાટાપુર ગામ પાસે બાઈક ઉપર પસાર થતાં ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી. રોડ સાઈડમાં ઉભેલ ટ્રકની પાછળ અથવાડી પોતાને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખાનગી અને વધુ સારવાર માટે વડોદરા ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના સંતરોડ થી મોરવા(હ) જતા રોડ ઉપર નાટાપુર ગામ પાસેથી બાઈક નંબર જીજે.૧૭.બીઈ.૨૯૨૦ લઈને રંગીતભાઈ લક્ષ્મણભાઈ ડામોર ઉ.વ.૩૭ પસાર થઈ રહ્યો હતો. જેને પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવીને રોડ સાઈડે ઉભેલ ટ્રક નંબર જીજે.૦૨.ઝેડ.૬૧૬૭ના પાછળ અથવાડી લેતાં બાઈક ચાલક ને ગરદન અને કમરના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને વધુ સારવાર માટે વડોદરા ખાતે ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબા તાલુકા ૧૫ દિવસ માટે બપોરના ૨ વાગ્યા સુધી સંપૂર્ણ બંધ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

કોરોના સંક્રમણ અનુસંધાને ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના પરોલી, પાલ્લા અને નવાગામ નો Pink hotspot વિસ્તાર તરીકે સમાવેશ થયેલ દરમિયાન અમો તથા ઘોઘંબા તાલુકા ઈન્ચાર્જ મામલતદારને સાથે રાખી સ્થાનિક વેપારી તથા આગેવાનોની મીટીંગ રાખી કોરોના ની ગાઈડ લાઈનનું પાલન કરી સોશિયલ મશતફિંક્ષભય રાખવા તથા માસ્ક પહેરવા તથા અન્ય કોઈ મેળાવડા ન યોજવા તથા લગ્ન પ્રસંગે ઓનલાઈન મંજૂરી મેળવી લેવી અને ડી.જે મ્યુઝિક સિસ્ટમ ન લાવવા સમજ કરવામાં આવેલ. તેમજ પરોલી, પાલ્લા અને નવાગામનો Pink hotspot વિસ્તાર તરીકે જાહેર થયેલ હોય ગ્રામજનો તથા વેપારીઓએ સ્વેચ્છિક રીતે પંદર દિવસ માટે બપોરના કલાક.૦૨:૦૦ બાદ સંપૂર્ણ lockdown રાખવાની જાહેરાત કરેલ છે.